# એકમેકને ઓળખવાનો જ્ઞાતિ સેતુ

**વર્ષ-૨ ● અંક-૪**
**એપ્રિલ / મે – ૨૦૦૭**

☆

**તંત્રી**
હંસરાજ કંસારા

☆

**તંત્રી મંડળ**
અતુલ સોની (૯૮૨૫૦ ૩૦૧૪૦)
કુ. એકતા કટ્ટા - અંજાર (૯૮૭૯૧ ૯૪૩૩૪)

☆

**વ્યવસ્થાપક સમિતિ**
શૈલેષ કંસારા - ભુજ (૯૮૨૪૦ ૩૩૪૪૦)
પ્રશાંત બીજલાની
જયમીન જે. સોની
સૂર્યકાંત સોની
તુલસીદાસ કંસારા

☆

**માનદ્ સંયોજક**
પી. જી. સોની (ભુજ)

☆

**મુખપૃષ્ઠ ડિઝાઈન**
શ્રી જયેશ ઘડીયાળી
પ્રિન્ટોગ્રાફી, અમદાવાદ.

☆

**કાર્યાલય : ધવલ જ્વેલર્સ**
૧૪, ચાંલ્લા ઓળ,
માણેકચોક, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : (૦૭૯) ૨૨૧૪૪૦૦૮

☆

**મૂલ્ય : રૂા. ૨૦/-**
**વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-**

☆

**E-mail** : gnatisetu@rediffmail.com

'જ્ઞાતિ સેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી....

આ વખતના તંત્રી લેખમાં પ્રથમ શોકાંજલી છે. આપણી જ્ઞાતિના ત્રણ યુવાનોના અમર આત્માની શાંતિ અર્થે અર્પણ કરે છે. એમના ગત બે માસ દરમ્યાન બનેલા બે અત્યંત દુઃખદ બનાવ, એક તરફ તો આપણને યાદ અપાવે છે 'નિયતિ'ની, જે ઈશ્વર પણ ટાળી શકતો નથી અને બીજો બનાવ આપણને સમજાવે છે કે ભલે 'નિયતિ' આગળ આપણે લાચાર હોઈએ પરંતુ ટાળી શકાય તેવા અકસ્માતને પણ શું આપણે નિયતિનો ભાગ માનવો? એમ માની આપણે એ ઘટનાને સ્વીકારી લઈએ તે જુદી વાત છે, પરંતુ આપણા મનમાં ક્યાંક ને ક્યાંક ખટકો તો રહે જ છે. જો આ અકસ્માત ન થયો હોત તો કદાચ આપણું મહામૂલા 'યુવાધન'નું એક અનેરા પુષ્પો કદાચ આમ અકાળે ન કરમાયા હોત...

ખૈર... જે થવાકાળ હતું તે થયું જ. આપણા માટે એક સબક મૂકતું ગયું. હવે આપણે 'ખેદ' વ્યક્ત કરી અને એના પરિણામે જે પરિવારો ત્રસ્ત થયા તેમને આશ્વાસન આપી સંતોષ લેવો રહ્યો.

આ બે ઘટનાઓ છે અંજાર અને રાયપુરની.

અંજારના અકસ્માતમાં આપણે ગુમાવેલા યુવક જયેશ કંસારા (ઉં.વ. ૨૭) તથા મેહુલ હરીલાલ કંસારા (ઉં.વ. ૨૩) કાર્યકુશળ હતા, સમાજમાં એમનું સન્માનિત સ્થાન હતું. સમાજ અને એમના પરિવારને એમનામાં અનેક આશાઓ હતી. ઈશ્વર એમના આત્માને શાંતિ આપે. એના પરિવારને આજીવન ન ભૂલાય તેવી આ ઘટનાની સ્મૃતિ સહન કરવાની શક્તિ આપે.

બીજા બનાવમાં રાયપુરના યુવાન જીગર ધનસુખભાઈ બારમેડા (ઉં.વ. ૨૪)નું નદીમાં ડૂબી જવાથી કરૂણ અવસાન થયું. આ યુવાન પણ એમના મા-બાપનો એકનો એક અને સમાજનો લાડીલો કાર્યકર હતો. કોઈનેય કલ્પના પણ ન હોય તે રીતે - કાળ અચાનક એને ભરખી ગયું. સમસ્ત સમાજ માટે કારી ઘા સમાન અવસાનની આ વિગત તંત્રીલેખમાં સમાવી, 'સેતુ' એનું ઋણ અદા કરે છે. એના પરિવારને અત્રેના સમાજના સમસ્ત પરિવારો વતી દિલાસો પાઠવે છે.

આ અંકમાં વિશેષ છે સુવર્ણકલા વિશેનો એક લેખ અને વેકેશન દરમ્યાન મનોરંજક પ્રવૃત્તિલક્ષી બાળકો માટે એક સરળ કસોટી. એમાં પણ ચતુર ભાગ્યશાળીને ઈનામ તો ખરું જ.

બીજું છે ચિત્રકળા હરીફાઈ. એની વિગતો અન્યત્ર આપી છે. માટે બાળકોને ખાસ ભલામણ છે કે પ્રખર ગરમીના ઉકળાટભર્યા આ દિવસોમાં ઘરમાં ટાઢે છાંયે બેસીને ચિત્ર બનાવો અને મોકલો. વાર્તા, વાતો, કાવ્યો વિ. લખો, મોકલો. અને જુઓ કે આવી પ્રવૃત્તિઓ તમારી પ્રતિભાના વિકાસમાં કેટલો સુંદર ફાળો આપે છે.

| **અતુલ સોની** | **મનુભાઈ કોટડીયા** | **હંસરાજ કંસારા** |
|---|---|---|
| **માનદ્ મંત્રી** | **પ્રમુખ** | **મુખ્ય તંત્રી** |

# સુભાષિત ચિંતન

*"विद्या नाम नरस्य रुपमधिकं प्रच्छन्नगुप्तं धनं*
*विद्याभोगकरी यशःसुखकरी विद्या गुरुणां गुरुः ।*
*विद्या बन्धुजनो विदेशगमने विद्या परं दैवतं*
*विद्या राजसु पूजिता न तु धनं विद्याविहीनः पशुः ॥"*

***ભર્તૃહરિ રચિત નીતિશતકમાંથી***

"વિદ્યા માણસનું વધારાનું રૂપ છે, છુપાવેલું અને રક્ષાયેલું ધન છે. વિદ્યા ભોગ-વિલાસ, કીર્તિ અને સુખ આપનારી છે. વિદ્યા ગુરૂઓનો (પણ) ગુરૂ છે. પરદેશના પ્રવાસમાં વિદ્યા સ્વજન છે. વિદ્યા શ્રેષ્ઠ દેવતા છે. રાજાઓ વચ્ચે (રાજ્યોમાં) વિદ્યા પૂજાય છે. ધન નહીં, વિદ્યા વગરનો (માણસ) પશુ છે."

ભર્તૃહરિ રચિત ઉપરોક્ત સુભાષિત શ્લોકે વિદ્યાનું માહાત્મ્ય સ્પષ્ટ કર્યું છે, જે યુગયુગાંતરે પણ સાર્થક છે, તેવું લાગે છે. સમયાંતરે વિદ્યા (જ્ઞાન)નું ક્ષેત્ર, આવશ્યક્તામાં પરિવર્તનો થતા રહ્યા છે પરંતુ તેનું મહાત્મ્ય અકબંધ રહ્યું છે. આધુનિક યુગમાં માત્ર પદવીઓ કે ડિગ્રીઓથી બંધાયેલી 'વિદ્યા' સુભાષિતમાં ઉલ્લેખિત મહત્તા કેળવવા કદાચ ઉણી ઉતરે પરંતુ, આદિકાળનાં પશુવત્ માનવજીવનને આધુનિક સભ્ય માનવજીવન સુધી પહોંચાડનારી પ્રત્યેક વિદ્યા (જ્ઞાન) વિનાનો માનવજીવન વાસ્તવમાં પશુવત્ જ હોય છે.

આધુનિક યુગની વિટંબણા સમ માત્ર ભોગ-વિલાસ, કીર્તિ અને સુખ આપનારી ભૌતિક વિદ્યા જ નહીં પરંતુ આંતર-બાહ્ય રૂપની સુંદરતા વધારનાર, કોઈપણ ક્ષેત્રે શૂન્યમાંથી સંપૂર્ણ સર્જન કરતી સંપત્તિ બનનાર, કોઈપણ ક્ષેત્રની ગુરૂતા (ઉચ્ચત્તમ સ્થાન) બક્ષનાર, અજાણ્યા કે નવીનત્તમ ક્ષેત્રે પણ આત્મવિશ્વાસ કેળવનાર, જેના પ્રત્યે કોઈ દેવતા સમાન પૂજ્યભાવ કે ગૌરવનો અનુભવ થતો હોય અને સતત અભ્યાસુ બનાવનાર વિદ્યાનો ધારક 'વિદ્વાન' સમ માનવજીવન વિતાવે છે, અન્ય પશુ નહીં. તો પશુવત્ જીવન તો વિતાવે છે જ.

ઉપરોક્ત સુભાષિતમાં ઉલ્લેખિત વિદ્યાની મહત્તા જેટલી જ વાસ્તવિક્તા છે કે, માનવ જીવનને માનવતાથી પશુતાને માર્ગે ચલાવનાર વિદ્યા પરિવર્તનનાં આપણે સાક્ષી બની રહ્યાં છીએ.

***કુ. એકતા કટ્ટા - અંજાર***

## આત્મવિશ્વાસ

*તે નથી કલ્પના, તે નથી સચ્ચાઈ*
*તે નથી ઈમાન, તે નથી ખુદ્દારી,*
*તે નથી ખોટું, તે નથી સાચું.*

ઈશ્વર, અલ્લાહ, ભગવાન શું છે? નામ છે અલગ અલગ પણ બધા કહે છે કે તે એક જ છે. પણ તે શું છે? તે છે તમારો જ આત્મવિશ્વાસ.

ભગવાન! એ એક આત્મવિશ્વાસ છે. એ વિશ્વાસથી આપણે એની પાસે કંઈક માંગીએ છીએ અને કંઈક પામવાની ઈચ્છા ધરાવીએ છીએ. અને મનમાં એમ થાય છે કે તે આપણને ચોક્કસ જ મળી જશે. તે છે આપણો વિશ્વાસ. તેથી જ તેઆપણને મળે છે. આપણે ભગવાન પાસે માંગીએ છીએ કે મને પરીક્ષામાં સારા માર્કસ આવે. જીવનમાં જ્યારે આપણે આગળ વધી સફળ થઈએ ત્યારે તે આપણને ભગવાન નથી આપતો પણ આપણા આત્મવિશ્વાસ દ્વારા જ તે આપણે મેળવીએ છીએ. કોઈ પણ પ્રકારનો રોગ થયો હોય કે કોઈ પણ પ્રકારનું આપણને દુઃખ હોય તો આપણે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે તે બધું જ મટી જાય. પણ તે ખરેખર, ભગવાન નથી મટાડતો, તે આપણો જ આત્મવિશ્વાસ, આપણી જ શ્રધ્ધા, ધીરજ મટાડે છે. પોતાનો આત્મવિશ્વાસ જ દુનિયામાં આપણને આગળ વધારે છે. હંમેશા બધી જ વસ્તુમાં વિશ્વાસ હોવો જરૂરી છે કારણકે વિશ્વાસ એ બહુ જ કિંમતી અને અમૂલ્ય વસ્તુ છે.

જીવનમાં આગળ વધવા માટે, પ્રગતિ કરવા માટે પોતાનું દુઃખ ભુલાવવા માટે ધીરજ હોવી બહુ જ જરૂરી છે અને તે આત્મવિશ્વાસ દરેક વ્યક્તિમાં છે. બસ, તેને જગાડવો જરૂરી છે. પછી આપણી ભગવાન પાસેની બધી પ્રાર્થના સફળ થશે કારણકે આત્મવિશ્વાસ એ બીજું કંઈ નથી પણ ઈશ્વર છે. અને એ ઈશ્વર બીજું કંઈ નથી પણ આપણો આત્મવિશ્વાસ છે.

આમ તે સિક્કાની બે બાજુની જેમ એકબીજાની પૂરક છે.

***સીમા એન. પોમલ - ભુજ***

## વિચાર

કરોળીયાએ જાળું કર્યું. પોતે જ તેમાં ફસાઈ ગયો. નીકળવાનો પ્રયત્ન કર્યો પણ અસફળ રહ્યો. તરફડવા લાગ્યો. થોડીવારમાં તેને કે આ જાળું તેણે જ મોં દ્વારા બનાવ્યું છે, અને તેના જ દ્વારા એ ગળી શકે છે. ચાલ બદલી. તાંતણા ગૂંથવાને બદલે ગળવા લાગ્યો. બધા જ તાંતણા પેટમાં જતા રહ્યા. કરોળીયો મુક્ત થયો.

આ જ રીતે મનુષ્ય પોતે જ મુંઝવણો ઊભી કરે છે. જો તે પોતાની મુંઝવણો વિશે શાંત મને વિચારી યોગ્ય ઉકેલ શોધી, તે ઉકેલ મુજબ વર્તે તો આપોઆપ તે ગુંચવણોનું સમાધાન થઈ શકે. બધી મુંઝવણો દૂર થતાં મનુષ્ય પોતાના જીવનમાં ઉચિત કાર્યો કરી શકશે તેમજ સારૂં જીવન જીવી શકશે.

***અલ્પા એ. સોની***

**કરોળીયો કર્મઠ જીવ છે. પ્રયત્નોથી થાકતો નથી**

# સુવર્ણકલા

**• સોની હરીલાલ લખમશી - અંજાર •**

*પ્રસ્તુત લેખ, આપણા પારંપરીક સુવર્ણ વ્યવસાયમાં આવી રહેલા ધરમૂળ વૈશ્વિક પરીવર્તનોના સંદર્ભે નવો દૃષ્ટિકોણ સૂચવે છે. સાથે સાથે સોના ચાંદીનો પણ વ્યવસાયીક ઢબે વિકાસ સૂચિત કરે છે. તદુપરાંત ભાવિ પેઢી માટે, વૈજ્ઞાનિક ઢબે આ કસબના અભ્યાસ તેમજ વ્યવસ્થા વિકાસની તાતી આવશ્યક્તા તેમજ તેના પ્રત્યે આપણી યુવા પેઢીનું આકર્ષણ વધારવાના ઉપાયોનાં સૂચન સાથે, ઉપલબ્ધ શૈક્ષણિક વ્યવસ્થાની માહિતી આપે છે.*

*શ્રી હરીલાલભાઈ, આપણા વ્યવસાયના એક અત્યંત સફળ એન્ટ્રપ્રિનીયર છે. પારંપરાગત મહાજનીના બાળવયથી જ અનુભવ ઉપરાંત, તેઓશ્રીએ સ્નાતક તેમજ કાયદા (LL.B.)નો અભ્યાસ પૂરો કર્યો છે. Civil Service અથવા Legal Practiceની અનેક તકો છતાં, ૧૯૭૫-૮૦ દરમ્યાન, સ્થાનિકે વ્યવસાયીક કટોકટી પરિસ્થિતિ છતાં, એમણે સ્વવ્યવસાયને જ પોતાનું લક્ષ માની, ૧૯૮૦માં એમનો પોતાનો (અંજાર જેવા નાનકડા કસબા માટે મહત્વાકાંક્ષી કહી શકાય તેવો) સર્વપ્રથમ આધુનિક શોરૂમ બનાવ્યો. જે એમની નેમ અનુસાર ફૂલ્યોફાલ્યો છે અને પોતાની આગવી છાપ ઊભી કરી છે. શ્રી હરીલાલભાઈ વ્યક્તિગત રીતે જોઈએ તો, એકલપંથે એમના જ્વેલર્સના શો રૂમ ઉપરાંત અન્ય વ્યવસાયોમાં સફળ રહ્યા છે. મુખ્ય છે 'હેમલ ફાર્માસ્યુટીકલ્સ', 'અર્બુદા ઈમ્પેક્સ' (આયાત-નિકાસ), 'સોહમ લેન્ડ ડેવલપમેન્ટ' અને 'અર્બુદા ડેવલોપર્સ' જેમના એ અનુક્રમે મેનેજીંગ ડાયરેક્ટર, ચેરમેન, ડાયરેક્ટર અને સોલ પ્રોપરાઈટર છે. તદુપરાંત તેઓશ્રી તેમના Social Commitment પ્રત્યે પણ પૂરેપૂરા સજાગ છે. ૧૯૮૩થી તેઓ અંજાર રોટરી ઈન્ટરનેશનલના ચાર્ટર્ડ સભ્ય છે. બે વખત પ્રેસીડેન્ટ અને ઝોનલ ચેરમેન તરીકે તેમની સેવાઓમાં અંજારમાં ડાયગ્નોસ્ટીક અને ફિઝીયોથેરાપી સેન્ટર તેમજ ભૂકંપ રાહત કામગીરી સામેલ છે. તેમાંથી અંજાર રેડક્રોસના પણ સક્રિય સભ્ય છે. બુલીયન એસોસિએશન તેમજ જ્ઞાતિ કારોબારીની સલાહકાર સમિતિના સભ્ય ઉપરાંત અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળના ઉપપ્રમુખ છે.*

*અમદાવાદ જ્ઞાતિ તેમજ 'જ્ઞાતિસેતુ' સામયિક માટે તેમને આરંભથી જ લગાવ છે. અહીંની જ્ઞાતિની મેડિકલ તેમજ શિક્ષણ સંબંધી પ્રવૃતિઓના તેઓશ્રી પ્રેરક અને પોષક રહ્યા છે.*

*આશા છે, શ્રી હરીલાલભાઈનો આ લેખ, બધાને ઉપયોગી થશે. અસ્તુ.*

*– મુખ્ય તંત્રી*

અત્યાર સુધી આપણે આપણા વ્યવસાયને એક કલાના સ્વરૂપમાં મૂલવતા આવ્યા છીએ. આજે સમય બદલાયો છે. કલાને વ્યવસાયના સ્વરૂપમાં લઈ જવાની જરૂરત ઊભી થઈ છે. વિશ્વભરમાં આજે દરેક પ્રકારનું - પછી એ સુવર્ણકલા, ચિત્રકળા, નૃત્ય કે અભિનય - બધી જ કલાનું વ્યવસાયીકરણ થઈ ચૂક્યું છે. ત્યારે આપણે પણ એ પ્રવાહમાં જોડાવા માટે વ્યવસ્થિતપણે વ્યવસાયલક્ષી થવું જરૂરી છે.

આપણે વાત કરીએ આપણી કચ્છની. કચ્છવર્ક તથા ચાંદી ઉપરના મીનાકામની.... જે કારીગરી વિશ્વભરમાં પ્રસિધ્ધ હતી - છે આજે આપણી એ કલા લુપ્ત થતી જાય છે. કચ્છવર્કનું કામ કરી શકતા કારીગરો આંગળીને વેઢે ગણી શકાય એટલા જ રહ્યા છે. કચ્છવર્કના કામની આજે એટલી માંગ છે કે જૂની વસ્તુઓના પણ મોં માંગ્યા દામ આપીને લોકો લઈ જતા હોય છે.

આપણી આ કલા કારીગરીને પુનઃજીવિત કરવાની તાતી જરૂર છે. આજે તો આ કલામાં પણ કોમ્પ્યુટર અને બીજી મશીનરીનો સાથ લઈ શકાય તેમ છે અને તો આ ધંધામાંથી વિશાળ તકો રહેલી છે.

આજનો યુવાવર્ગ White Color Job તરફ દોરવાઈ રહ્યો છે. એમને કદાચ સમજ નથી અથવા આજની શિક્ષણ પધ્ધતિનો દોષ હશે - જે હોય તે પરંતુ આપણે આપણો આ મહામૂલો વારસો સાચવવા તરફ મુખારીત થવું પડશે. હું યુવાનોને કહીશ કે, જે કારીગરીને અત્યાર સુધી જરા 'સુગાળવી' નજરે જોતા હતા, કામ કરીને હાથ અને કપડા કાળા કરવા - એવી જે એક નિર્બળ માનસિકતા લઈને ફરે છે તેમને કહેવું જરૂરી છે કે આપણી પાસે જે છે, બહાર કશે શીખવા જવું પડે તેમ નથી. તેનો ઉપયોગ કરીને તમે સમાજમાં ખૂબ જ સારી Lifestyleથી રહી શકો તેટલું મેળવી શકાય એમ છે.

મારી જાણ પ્રમાણે વ્હાઈટ કોલર જોબમાં દોરવાતાં લોકોને પણ ૧૨થી ૧૬ કલાક સુધી કામ કર્યા પછી જે મહેનતાણું હાથમાં આવતું હોય - કદાચ એટલા જ કલાક આમાં આપી શકાય તો અનેકગણું સુંદર પરિણામ મેળવી શકાય તેમ છે. અને વિશ્વની શ્રેષ્ઠત્તમ મૂલ્યવાન ધાતુ સાથે કામ કરીને સ્ટેટસ તો આપોઆપ મળે જ છે.

વિશ્વના દ્વારો આજે વેપાર માટે ખુલ્લા છે. આપણી કારીગરીને વિશ્વના કાઉન્ટર પર એક ઉત્પાદનના સ્વરૂપે મૂકી શકાય એમ છે. ઉત્પાદનના લેવલે પહોંચવા માટે આપણે આપણી જાતને તૈયાર કરવી

હાર્દિક શુભેચ્છા સહ....

મહેમા●ો●ું મા●, સ્●ેહીઓ●ું સન્મા●, ક● ●તી●ી દાબે●ી થી જ ●ો●

મીક્ષફ્રુટ દાબેલી



વડાપાંઉ

# કર્ણાવતી
## દાબેલી સેન્ટર

(મણિનગર-ઉત્તમનગરના પ્રખ્યાત)

૧, રાધામંદિર કોમ્પ્લેક્સ,
હીરાભાઈ ટાવરની સામે,
ઉત્તમ નગર, મણિનગર, અમદાવાદ-૮.
ફોન : (O) ૨૫૪૭૦૦૮૬ (R) ૨૫૪૬૭૮૭૭

• *અમારી બીજી શાખા* •
૨, અરવિંદનગર શોપીંગ સેન્ટર,
ઈન્ડિયા કોલોની ચાર રસ્તા
ટોલનાકા, બાપુનગર, અમદાવાદ-૨૪.
ફોન : (O) ૨૨૭૭૧૬૩૦ (R) ૨૨૨૦૫૦૯૫

પડશે. સર્વપ્રથમ તો કામ શીખવા માટે અને શીખવાડવા માટેની આપણી માનસિક તૈયારીઓ હોવી જરૂરી છે. એ તૈયારી હોય તો કચ્છમાં જ કારીગરી શીખવાડવા માટેના તાલીમ વર્ગોની શરૂઆત કરી શકાય - શરૂ કરવા જોઈએ.

કચ્છ અને ગુજરાતમાં અત્યારે પુષ્કળ ઈન્ડસ્ટ્રીઝ નવી નવી સ્થપાઈ છે અને આવી રહી છે. તેવા સમયે આપણે આપણા સોના ચાંદીના ધંધાનું ઉદ્યોગીકરણ કરીને અને દેશના અને વિશ્વના બજાર પર મૂકી શકાય તેવી તકો અત્યારે છે.

સોનાચાંદીના વેપારનો Export અત્યારે દર વર્ષે ૫ (પાંચ) ટકાના દરે વધતો રહ્યો છે. અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ચીન અને ગલ્ફ કન્ટ્રીઝ આપણા દાગીનાઓના મુખ્ય ખરીદદાર છે. આપણે એ તક શા માટે જતી કરીએ? ઉત્પાદનની Cost નીચી લાવીને આપણે વેપારની competitionમાં ઊભા રહેવું પડશે અને cost નીચી લાવવા માટે આપણી કારીગરી, કુનેહ અને મશીનરી બંનેનો ઉપયોગ કરવો જ પડશે. અને બંનેનો સમન્વય કરીને competitionમાં ટકી શકાશે.

સોના માટે તો આપણી સરકાર લગભગ ૨૦૦૮થી 'હોલ માર્કિંગ' ફરજીયાત કરવા તરફ જઈ જ રહી છે. એ એક વેપારને પ્રેરીત કરતું સારૂં પાસું રહેશે. તેથી ગ્રાહકોને છેતરાવાનો જે ભ્રામક ભય છે તે પણ નહીં રહેશે. જેથી દરેક ધંધાદારી વેપારી પેઢીન વેપાર વિકસાવવાની તક મળી રહેશે.

સાથે સાથે બીજી એક વાત એ પણ છે કે આજે મલ્ટીનેશનલ કંપનીઓ પણ સોનાચાંદીના રીટેલ બિઝનેસમાં જોડાઈ છે અને વધુને વધુ જોડાતી જાય છે. આજે રીલાયન્સ, ટાટા જેવી કંપનીઓ પણ સોનાના દાગીનાના રીટેઈલ કાઉન્ટર શરૂ કરી રહી છે. આ બધા સામે ટકી રહેવું હોય તો આપણું એક સંગઠન હોવું જરૂરી છે. આ સંગઠનનો અર્થ વિરોધ નથી પણ આપણી ક્ષમતાનો Maximum ઉપયોગ કરીને આપણે આપણા ધંધાના અસ્તિત્વને ટકાવી રાખવાની કસરત....

૧. ફાઈનાન્સ
૨. સ્કીલ્ડ કારીગરી
૩. એપ્રેન્ટીસ
૪. મશીનરી

**TODAY'S BUSINESS NEED :**

બિઝનેસ : સર્વિસ ઓરીએન્ટેડ

- ➔ Brand & Quality Performance.
- ➔ Advocacy and Healthy publicity
- ➔ Personal rapport with the customers
- ➔ Creativity and updating Designs.
- ➔ Adequate Stock
- ➔ Service with smile Pleasant face behind the counter good display, courteous and co-operative salesperson and patience.
- ➔ Gold Jewellery demand increase 15 to 20%.

ભારતની સોનાની આયાત દર વર્ષે ૮૦૦થી ૧૦૦૦ ટન છે. તેમાંથી ૬૦ ટકા જેવું સોનું દાગીના બનાવવામાં વપરાય છે. એટલે આ વ્યવસાયાનું ભવિષ્ય ઉજળું જ છે.

## ભારતમાં સોનાની આયાત

*(લાખમાં)*

| *વિગત* | *વર્ષ ૨૦૦૪* |
|---|---|
| • કુલ આયાત | ૬૪૭ |
| • અમાન્ય આયાત | ૦ |
| • માન્ય આયાત | ૬૪૭ |
| • દસ ગ્રામની કિંમત | ૬૧૧૯ |

## ભારતમાં ચાંદીની આયાત

*(%) ટકા*

| *વિગત* | *વર્ષ ૨૦૦૪* |
|---|---|
| • વિદેશી ભારતીય | ૦.૧ |
| • ઑપન જનરલ લાઈસન્સ | ૬૦.૩ |
| • પૂરવણી | ૪.૦ |
| • માન્ય કુલ | ૬૪.૪ |
| • અમાન્ય કુલ | ૦.૦ |
| • કુલ | ૬૪.૪ |

## જયપુર મધ્યે જેમ ટેસ્ટીંગ પ્રયોગશાળા

### અભ્યાસક્રમો

- ★ Diploma Course in Gem identification.
- ★ Short courses
- ★ Correspondence course in Gem identification.
- ★ Certificate course in Gem identification.
- ★ Master Diploma in Gem Identification
- ★ Diploma examination for Gem A, UK.

## નવી દિલ્હી મધ્યે આભૂષણ વિકાસ કેન્દ્ર

| *ક્રમ* | *અભ્યાસક્રમ* | *વિદ્યાર્થીઓ* |
|---|---|---|
| ૧. | Jewellery Design Foundation (Duration : 8 weeks) | ૧૨૪ |

| | | |
|---|---|---|
| ૨. | Industry oriented designing (Duration : 6 weeks) | ૬૩ |
| ૩. | Jewel CAD (Duration : 4 weeks) | ૭૪ |
| ૪. | History of Jewellery Design (Duration : 4 weeks) | ૩૦ |
| ૫. | Jewellers Diploma (Duration : 1 Year) | ૭૧ |
| ૬. | Jewellery Engineering (Duration : 1 Year) | ૦૫ |

## મુંબઈ મધ્યે ભારતીય જેમ અને જ્વેલરી શિક્ષણ સંસ્થા

*(ટુંકા ગાળાના અભ્યાસક્રમો)*

| *Sr.No.* | *Course* |
|---|---|
| 1. | Basic Designing |
| 2. | Advance Designing |
| 3. | CAD / CAM |
| 4. | Diamong Grading |
| 5. | Gemmology |
| 6. | Basic Jewellery making |
| 7. | Casting |
| 8. | Metal Setting |
| 9. | Rubber Mould Making |
| 10. | Filling Finishing |
| 11. | Wax Model Making |
| 12. | Waxing |
| 13. | Refiners |
| 14. | Refinery Assistance |
| 15. | Polishing |
| 16. | Assembly |
| 17. | Communication Skills |
| 18. | Sales and Marketing |
| 19. | Digital Photography |
| 20. | 3 year Diploma |

## સુરત મધ્યે ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટીટ્યુટ

*(ડાયમંડ જ્વેલરી અભ્યાસક્રમો)*

1. Graduate Diploma in Diamond Technology (GDDF)
2. Diploma in Diamond Processing (DDP)
3. Diploma in Diamond Grading (DDG)
4. Diploma in Diamond Sorting (DDS)
5. Graduate Diploma in Jewellery Designing manufacturing & Appraising (GJDMA)
6. Higher Diploma in Jewellery design & manufacture (HDJDM) offered by Sardar Vallabhbhai Patel Centre of Jewellery Design & manufacture (SVJDM)
7. Diploma in Model Making

## જેમ અને જ્વેલરીની કુલ નિકાસ

| Major regions | 2004-05 | |
|---|---|---|
| | ***US $ million*** | ***% share in total*** |
| USA & Canada | 4119.91 | 26.23 |
| EU25 | 1715.54 | 10.92 |
| Asia | 4668.76 | 29.72 |
| Middle East | 3852.05 | 24.52 |
| Others | 1350.63 | 8.60 |
| Total | 15706.89 | 100.00 |

## નિકાસકારોને અપાયેલું સોનું

| ***Particulars*** | ***2004-05 Qty. in Kgs.*** |
|---|---|
| MMTC | 10512 |
| ABN Amro Bank | — |
| SBI | 4544 |
| Bank of Nova Scotia | 43,000 |
| Bank of India | 6896 |
| Corporation Bank | 489 |
| **TOTAL** | **54929** |

## ભારતમાં સોના/ચાંદી ખનિજનું ઉત્પાદન

**GOLD (TONNES)**

| 2004 | 2003 | 2002 |
|---|---|---|
| 3.4 | 3.2 | 2.1 |

**SILVER (MILLION OUNCES)**

| 2004 | 2003 | 2002 |
|---|---|---|
| 1.9 | 1.9 | 2.8 |



# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - મુંબઇ (રજી.)

## સંસ્થાનો પરિચય અને કાર્ય

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - મુંબઈની આ વર્ષે ચૂંટણી હતી અને તેમાં આવતા ત્રણ વર્ષ માટે નવા પ્રમુખ અને કારોબારીની વરણી કરવામાં આવી. આ સમાચાર 'જ્ઞાતિ સેતુ'ના આ અંકમાં છપાયા જ છે પરંતુ અહીં તેનો ખાસ ઉલ્લેખ એટલા માટે કરવામાં આવ્યો છે કે મુંબઈ જ્ઞાતિના પ્રમુખ તરીકે જેની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે તે શ્રી બાબુભાઈ એન. સોની (સાકરીયા) ઉપરોક્ત સંસ્થાના ફાઉન્ડર છે. તેમના પ્રયાસોથી આજથી ૨૮ વર્ષ પહેલાં આ સંસ્થાનો પાયો નખાયો. આજે એમનો રજત જયંતી વર્ષ ઉજવતાં, જ્ઞાતિ સમાજ સુવર્ણ જયંતી તરફ પ્રસ્થાન કરી રહ્યું છે.

દર વર્ષે દિવાળી પછી સ્નેહમિલનનું આયોજન કરવામાં આવે છે. બહારગામથી આવેલ જ્ઞાતિ ભાઈઓનું સ્વાગત કરવામાં આવે છે. સંસ્થાએ રૂા. ૫,૦૦૦/-નું ડોનેશન લઈને ૫૪ આજીવન સભ્યો બનાવ્યા છે. શૈક્ષણિક પ્રવૃત્તિ તેમજ બહેનો અને બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ થાય છે. વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવે છે. દસ વર્ષ પહેલાં જ્ઞાતિ સંસ્થાને રજીસ્ટર્ડ પણ કરવામાં આવી છે. આ સંસ્થાએ યુવક-યુવતી પસંદગી મેળાનું પણ આયોજન કરેલ હતું. સૌપ્રથમ સંવત ૨૦૦૪માં મુંબઈ જ્ઞાતિનું વસ્તીપત્રક બનાવ્યું તેની ૫૦૦ કોપી જ્ઞાતિજનોમાં તેમજ આપણા જ્ઞાતિ સંગઠનોને ભેટ આપવામાં આવી. તે વખતે શ્રી બાબુભાઈ માનદ્ મંત્રી હતા. તેમણે પ્રથમ વસ્તીપત્રક તૈયાર કર્યું. ત્યારબાદ બીજું વસ્તીપત્રક શ્રી કનુભાઈ પોમલ અને પરિવારના પ્રયાસોથી જ્ઞાતિજનો સુધી પહોંચાડવામાં આવ્યું. આવી રીતે જ્ઞાતિ હિતના કાર્યો સંસ્થા કરતી રહે છે. આ સંસ્થાના પ્રણેતા એવા શ્રી બાબુભાઈ યુવાવર્ગને આગળ લાવી સમયોચિત તેમનું માર્ગદર્શન તો કરતા જ હતા પરંતુ આજ ઘણા સમય પછી ફરીથી તેમની પ્રમુખસ્થાને વરણી કરવામાં આવી છે. તેમના જીવનના અમૃત મહોત્સવના વર્ષમાં પ્રમુખપદનો ભાર તેમણે સહર્ષ સ્વીકાર્યો તે બદલ સર્વ જ્ઞાતિજનોને અત્યંત હર્ષ છે.

મુંબઈના વસ્તીપત્રકમાથી પ્રેરણા લઈ જામનગર, જુનાગઢ, સાબરકાંઠા, અબડાસા, નખત્રાણા તાલુકાના વસ્તીપત્રકો બન્યા.

*શ્રી અમદાવાદ જ્ઞાતિ મંડળ મુંબઇ સમાજની આ પ્રગતિની સહર્ષ નોંધ લે છે અને આશા વ્યક્ત કરે છે કે, કાર્યશીલ જ્ઞાતિ યુવાનોને, જ્ઞાતિ વડીલોનું ઉચિત માર્ગદર્શન તેમજ પ્રોત્સાહન મળતું રહે અને નાના નાના સંગઠિત સમૂહોમાં વિચાર અને કાર્યપધ્ધતિમાં સમાનતા રહે તે માટે, એક શહેરના સમૂહ બીજા શહેરો સાથે સતત સંપર્કમાં રહે. 'જ્ઞાતિ સેતુ'નો આ પ્રમુખ ઉદ્દેશ છે. અને એટલે જ ફરી એક વખત વિભિન્ન સ્થળોએ સંગઠિત આપણા સમાજના કાર્યકરોને વિનંતી છે કે તેઓ નાની મોટી જે કંઇ પ્રવૃત્તિ કરતા હોય તેની વિગતો અવશ્ય મોકલે. નાનામાં નાની સામાજીક પ્રવૃતિ પણ પ્રેરણાદાયી હોય છે.*

*આપણી જ્ઞાતિના ઐક્ય માટે અડધી સદી કરતાં વધુ સમયથી પ્રયાસરત પુરૂષાર્થી એટલે બાબુભાઇ મંજલવાળાને મુંબઇ જ્ઞાતિ સમાજનું સુકાન ફરીથી સંભાળવા બદલ 'જ્ઞાતિ સેતુ'ના હાર્દિક અભિનંદન. સાથે સાથે ઉત્સાહી યુવાનો- જેઓ એમની પડખે છે તેમને પણ જ્ઞાતિ કાર્યમાં રસ લઇ આગળ આવવા બદલ અભિનંદન.*

*- મુખ્ય તંત્રી*

## સ્નેહ મિલન અને કુળદેવીનો પાટોત્સવ

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિનું ૨૮મું સ્નેહમિલન અને કુળદેવીના પાટોત્સવ નિમિત્તે યજ્ઞ-પૂજાનું આયોજન રવિવાર, તા. ૩૧-૧૨-૨૦૦૬ના "કે.વી.કે. હાઈસ્કુલ" ઘાટકોપર (વેસ્ટ)માં કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આવતા ત્રણ વર્ષ માટે શ્રી બાબુભાઈ નારાણજી સોનીની (સાકરીયા) જ્ઞાતિનાં પ્રમુખ સ્થાન માટે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ઉપપ્રમુખ સ્થાને હરીલાલ ડી. બારમેડા, મા. મંત્રી સ્થાને શ્રી નરોત્તમ એલ. છત્રાળા, ખજાનચી સ્થાને શ્રી રમણિકલાલ બી. બીજલાણી તેમજ સહમંત્રી મહેશ ડી. બુધ્ધભટ્ટી, સહ ખજાનચી ભરત જી. બારમેડાની વરણી કરવામાં આવી હતી. કારોબારી સભ્યોની નીચે મુજબ વરણી થઈ હતી : શ્રી મનસુખલાલ એસ. બુધ્ધભટ્ટી, શ્રી કિશોર વી. બારમેડા, શ્રી અમૃતલાલ વી. બુધ્ધભટ્ટી, શ્રી ભરત રતિલાલ બુધ્ધભટ્ટી, શ્રી પીયુષ વી. બારમેડા, શ્રી મનોજ એન. કટ્ટા, શ્રી ઉમેશ એચ. છત્રાળા, શ્રી ઠાકરશી બારમેડા, શ્રી કાંતિલાલ બી. બીજલાની તેમજ સલાહકાર સમિતિમાં શ્રી જયંતીલાલ એચ. સાકરીયા, શ્રી ગોપાલભાઈ બારમેડા અને શ્રી નરેન્દ્રભાઈ પોમલની નિમણુંક કરવામાં આવી હતી.

વિદાય થતા પ્રમુખ શ્રી જયંતીલાલ સાકરીયાનું શાલ અને પુષ્પગુચ્છથી નવા પ્રમુખશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. નવા વરાયેલા પ્રમુખ શ્રી બાબુભાઈ સોનીએ તેમના મંગલ પ્રવચનમાં જ્ઞાતિની બહેતર સેવા માટે સર્વેના સાથ સહકારની અપેક્ષા સાથે સર્વે જ્ઞાતિજનોને અભિનંદન આપ્યા હતા.

# પોતાનાંનો પરિચય

## શ્રી બાબુભાઈ મંજલવાળા

આપણી મુંબઈ જ્ઞાતિ સમાજની નવગઠીત કારોબારી સમિતિના પ્રમુખ તરીકે જેમની હાલે વરણી થઈ છે, તે શ્રી બાબુભાઈ મંજલવાળાએ બીજી વખત પ્રમખપદ સ્વીકાર્યું છે. હકીકતમાં મુંબઈ જ્ઞાતિ સંગઠનનું કાર્યનો એમણે આજથી ૩૦ વર્ષ પહેલાં આરંભ કરેલો. અને ૨૮ વર્ષ પહેલાં સંસ્થાના સ્થાપક પ્રમુખ તરીકે તેમની વરણી થયેલ. ત્યારે એમણે એમની ટર્મ પૂરી કરી જ્ઞાતિના યુવાવર્ગને જ્ઞાતિનો કારભાર સોંપી દીધેલો. આટલા વર્ષ પછી પાછું એમણે સમાજની ઉત્કટ ઈચ્છાને માન આપી એ કાર્ય સંભાળ્યું છે. અથવા એમ કહીએ કે તેઓ ત્રીસ વરસ પહેલાના નેતૃત્વને સમયાનુરૂપ બદલાવો સાથે સુસંગત રાખી શક્યા છે, તે ખરેખર પ્રસંશનીય છે.

શ્રી બાબુભાઈની સામાજીક સેવા ક્ષેત્રે નામના માત્ર મુંબઈ કે માત્ર આપણા જ્ઞાતિ સમાજ પૂરતી મર્યાદિત નથી. તેઓશ્રી અનેક સામાજીક, ધાર્મિક, વ્યવસાયીક સંગઠનો સાથે સક્રિય રીતે જોડાયેલા છે. આવા બહુમુખી પ્રતિભાસંપન્ન વ્યક્તિનો આછો પરિચય અત્રે પ્રસ્તુત છે.



શ્રી બાબુભાઈનો જન્મ કચ્છમાં નખત્રાણા તાલુકાના મંજલ ગામે, ૩૧ માર્ચ ૧૯૩૨ના રોજ થયો. એમના પિતાશ્રી નારાયણભાઈની ગામમાં, સોનાચાંદીના કારીગર કામ તેમજ વેપારની નાનકડી દુકાન હતી. એમના વડદાદા, ૧૩૦ વર્ષ પહેલાં જંગબાર (આફ્રિકા)માં હતા. માતા દેવકીબેનના સંસ્કારે, એમનામાં બાળપણથી જ ધાર્મિક વૃત્તિ કેળવી હતી. ગીતાના અનેક અધ્યાયો એમને ત્યારથી જ કંઠસ્થ હતા. ધર્મગ્રંથોના વાંચનના શોખને લીધે એમનામાં સાહિત્ય સર્જન પણ સહજ હતી. ૧૪ વર્ષની નાની વયે, એમણે 'વેરની વસુલાત' નવલકથાનું નાટ્ય રૂપાંતર કરેલું.

મહત્વાકાંક્ષી બાબુભાઈ ૧૬ વર્ષની ઉંમરે મુંબઈ આવ્યા. મસ્જીદ બંદર રોડ પર એક જ્વેલર્સની દુકાને ચાર વર્ષ કામ કર્યું. પછી નાની એવી પોતાની દુકાન કરી. દેશમાંથી બંને ભાઈઓને બોલાવ્યા. એમના સદવર્તને એમણે બધાની ચાહના મેળવી તેમજ વ્યવસાય ક્ષેત્રે પ્રગતિ કરી મુંબઈમાં એમની અન્ય પ્રવૃત્તિઓમાં હીંદી, ઉર્દુની પરીક્ષાઓ આપી. શ્રી પાંડુરંગ શાસ્ત્રી, પુનીત મહારાજ, કૃષ્ણશંકર શાસ્ત્રી, જય ભગવાન, આચાર્ય રજનીશ, હરીભાઈ કોઠારી વગેરે સંતોના પ્રવચનો સાંભળવા ઉપરાંત મુંબઈના જ્ઞાતિજનો સાથે નારાણદાસ મથુરાદાસભાઈ પોમની સોનીની દુકાને મળતા. આમ જ્ઞાતિજનો સાથે સંપર્ક કેળવ્યો.

બાબુભાઈને વાંચનનો જબરો શોખ. એમની અંગત લાઈબ્રેરીમાં અનેક પ્રકારના પુસ્તકો જોવા મળે. ટિકીટો અને સીક્કાનો પણ સંગ્રહ કરે.

છેલ્લા ૩૦ વરસથી ઘાટકોપર - મુંબઈમાં 'સત્યમ્ જ્વેલર્સ' નામે એમનો પ્રખ્યાત શો રૂમ છે, જે હવે એમના પુત્રો દિનેશ અને દીપક સંભાળે છે. શ્રી બાબુભાઈ, મારૂ કંસારા કેળવણી મંડળની કારોબારીમાં સભ્યપદે હતા. તેઓશ્રીએ વચ્ચે બે વર્ષ (૧૯૬૧-૧૯૬૩) ભુજમાં "શ્રી પ્રભુદાસ એન્ડ કાું." નામે દુકાન કરી હતી. ત્યારે ભુજના મારૂ કંસારા સોની મિત્ર મંડળના સભ્ય રહ્યા.

આજથી ૫૪ વર્ષ પહેલાં સને ૧૯૫૩માં સમસ્ત કંસારા જ્ઞાતિનું પ્રથમ અધિવેશન પાવાગઢ મુકામે થયું હતું. ૨૧ વર્ષના યુવાન બાબુભાઈએ, ત્યારે પ્રથમ વખત કંસારા જ્ઞાતિજનો સમક્ષ પ્રવચન કર્યું હતું. અને જ્ઞાતિના સામયિક 'ઉન્નતિ'ના પરિષદ અંકમાં એમનો લેખ પ્રકાશિત થયા હતા.

આ બાબત આપણા તંત્રી શ્રી હંસરાજભાઈએ મને કહી ત્યારે ખરેખર આશ્ચર્ય થયું. શ્રી હંસરાજભાઈ એ સમયે ૧૮ વર્ષના હતા અને એમનું પણ પરિષદમાં પ્રથમ વક્તવ્ય હતું. એમનો પણ એ પ્રથમ લેખ પરિષદ અંકમાં પ્રકાશિત થયો હતો.

સન ૧૯૬૩માં ગોલ્ડ કન્ટ્રોલ આવતાં સમસ્ત ભારતના સુવર્ણકારો બેકાર થયા. આ એક્ટ વિરૂધ્ધની લડતમાં એમણે સક્રિય ભાગ લીધો. ગોલ્ડ કન્ટ્રોલ એક્ટ ૧૯૯૦માં રદ થયો ત્યારે ૧૯૯૧ જાન્યુઆરીમાં દિલ્હી મધ્યે સુવર્ણકાર સંઘ દ્વારા તેમનું સન્માન થયું અને સુવર્ણકાર ભૂષણનો ઇલકાબ મળ્યો. બાબુભાઈ છેલ્લા સાત વર્ષથી મુંબઈ સુવર્ણકાર સંઘના પ્રમુખ છે. મહારાષ્ટ્ર ઘટકના તેઓ ઉપપ્રમુખ છે અને અખિલ ભારત સુવર્ણકાર સંઘના સહમંત્રી છે. છેલ્લા ચાર વર્ષથી મુંબઈ સુવર્ણકાર સંઘનું સામયિક ચાર ભાષામાં નીકળે છે. બાબુભાઈ તેના પ્રમુખ છે અને ગુજરાતી વિભાગના સંપાદક છે. ચાર વર્ષ પહેલાં અખિલ ભારત સંઘનું અધિવેશન મુંબઈમાં થયું ત્યારે તેના સ્વાગત પ્રમુખ બાબુભાઈ હતા.

ભારતમાં ૪૬ જાતિનાં સુવર્ણકારોમાં તેમનું માનભર્યું સ્થાન છે. ૧૯૯૩માં તેમણે સોના (ગોલ્ડ) વિશે પાંચ હજાર શબ્દોનો એક લેખ ગુજરાતીમાં લખ્યો, જે દિલ્હીથી પ્રગટ થતા અખબાર 'સન્ડે મેલ'માં છપાયો અને વખણાયો. સોના વિશે તેમનું ખૂબ ઊંડું સંશોધન તેમજ કલેક્શન છે. ભારતના

સુવર્ણકાર સમાજમાં તેમનું માનભર્યું સ્થાન છે. દેશના ૧૨ રાજ્યોમાં ૧૬ સંસ્થાઓ સાથે તેમનો અંતરંગ સંબંધ છે.

મુંબઈના ઘાટકોપર પરામાં રામદેવ પીરનું મંદિર છેલ્લા ૪૫ વર્ષથી બન્યું છે. બાબુભાઈ તેના મંત્રી અને ટ્રસ્ટી છે. તેઓ ઘાટકોપર વેપારી મંડળનાં સહમંત્રી છે અને સેલ્સ ટેક્સની લડત વખતે તેઓ ફલોરા ફાઉન્ટન પર આમરણાંત ઉપવાસ પર ઉતર્યા હતા. ઘાટકોપર (ઈસ્ટ) જ્વેલર્સ એસોસિએશનનાં પણ પ્રમુખ છે.

મુંબઈમાં ૧૩૦ વર્ષ જૂનું એક સોનીની નવનાતનું ટ્રસ્ટ છે. તેમાં એક વાઘેશ્વરી માતાનું મંદિર છે. આ બંને ટ્રસ્ટના બાબુભાઈ આપણી જ્ઞાતિ તરફથી ટ્રસ્ટી છે. ટ્રસ્ટનું નામ શ્રી વાઘેશ્વરી ટેમ્પલ ટ્રસ્ટ (નવનાત ટ્રસ્ટ) છે.

તેવી જ રીતે મુંબઈના એક મરાઠી સોની જેનું નામ નાનાશંકર શેઠ હતું - ૧૪૦ વર્ષ પહેલાં તેઓ અડધી મુંબઈના ધણી કહેવાતા - તેમનું જીવન ચરિત્ર બાબુભાઈએ પ્રથમ ગુજરાતીમાં લખ્યું અને તે જન્મભૂમિ અખબારમાં – નાનાશંકર ઉડાણ પૂલની ઉદ્‌ઘાટન વિધિ થઈ તે જ દિવસે છપાયું. આ સિવાય ઘણા નાના મોટા લેખો છપાતા હોય છે. ઘાટકોપરના સીનીયર સીટીઝન મંડળ તેમજ રાજાવાડી ગાર્ડનની લાફીંગ ક્લબના તેઓશ્રી કારોબારી સભ્ય છે. કોંગ્રેસમાં ૫ળ વોર્ડ સેક્રેટરી તરીકે કામ કર્યું છે. આ બધી સેવાની કદરરૂપે મહારાષ્ટ્ર સરકારે ૧૯૯૮માં બાબુભાઈને સ્પેશિયલ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ (એસ.ઈ.એમ.) નો ઈલકાબ આપેલો, જે ૬ વર્ષ સુધી રહ્યો.

છેલ્લા ૩ વર્ષથી મુંબઈમાં જાન્યુઆરી માસમાં ઈન્ટરનેશનલ મેરેથોન (દોડવું) યોજાય છે તેમાં સીનીયર સીટીઝનની પાંચ કિલોમીટરની દોડમાં બાબુભાઈ ભાગ લે છે.

આવા બહુમુખી પ્રતિભાના સ્વામી શ્રી બાબુભાઈ સોનીનું આ અમૃત મહોત્સવ વર્ષ છે. ગત ૩૧ માર્ચના રોજ તેમનો જન્મ દિવસ હતો. ઈશ્વરે એમને આ વયે પણ જે કર્તવ્યનિષ્ઠા બક્ષી છે તેનો લાભ આપણી સમગ્ર ભારતમાં વસતી સમસ્ત જ્ઞાતિને મળતો રહે તેવી અભિલાષા. જ્ઞાતિસેતુ એમને અમૃત મહોત્સવ નિમિત્તે હાર્દિક અભિનંદન પાઠવે છે.

***– અતુલ સોની***

***(મુંબઈ જ્ઞાતિ સમાજના પ્રમુખશ્રી દ્વારા આપવામાં આવેલ માહિતીને આધારે)***

**DROP OF WATER...**

| | |
|---|---|
| falls on lake... | it looses its identity. |
| if on shell.... | it becomes pearl. |
| if falls on lotus.... | it shines. |

Drop is the same but **COMPANY MATTERS.**

***Prashant S. Bijlani - Ahmedabad.***

## પ્રત્યેક પરિવાર લ્યો 'ટેક', બચાવો, સમાજ હેતુ રોજનો રૂા. એક

***– પી. જી. સોની 'દાસ', ભુજ***




આપણે સૌ માહિતગાર છીએ કે આપણા સમાજને ઉન્નતિના શિખરે લઈ જવા માટે આપણે હજુ વધારે કટીબધ્ધ થવાની જરૂર છે. જે આપના સૌના સહિયારા પ્રયત્નોથી શક્ય બની શકે છે. સહયોગની અપેક્ષા છે.

આપનાં એક ઘર દીઠ દરરોજનો એક રૂપિયો ઘરનાં નિજ મંદિરમાં, ઈષ્ટદેવ પાસે ધરાવીને મહિનામાં ફક્ત રૂા. ૩૦/- (ત્રીસ) જ્ઞાતિનાં ઉત્કર્ષ માટે બચાવો.

- **પરિણામ :**

૧. આપણો રૂપિયો આપણા બાળકોને ઉચ્ચ અભ્યાસ કરાવી શકે છે.
૨. આપણાં દીકરા-દીકરીનાં શુભ પ્રસંગે વિશેષ ઉપયોગી થઈ શકે છે.
૩. માંદગી સમયે મદદે આવી શકે છે.
૪. સમાજનાં નબળા પરિવારોને આર્થિક સહાય કરી શકે છે.
૫. આપણો રૂપિયો આપણા બાળકને સારો ખેલાડી, સારો સાક્ષર, સારો સામાજીક દેશ ભક્ત નાગરિક બનાવવામાં નિમિત્ત બની શકે છે.

દૈનિક જીવનનાં ખર્ચમાં યોજના કરી આયોજન કરીએ તો આપણે કલ્પનાથી વધારે સહયોગ આપી શકીએ. જરૂર છે ફક્ત ઈચ્છાશક્તિ કેળવી પ્રવૃત્ત થવાની.

આ ભગવતીય કાર્ય બહેનો દ્વારા જ થવું જોઈએ. આ કાયમી યોજના માટે બહેનોની એક સમિતિની રચના કરવી જોઈએ.

નિધિ એકત્ર કરવા માટે ઘેર ઘેર ફરીને દર માસની તા. ૧થી ૧૦ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવી જોઈએ. અને એ રકમમાંથી જ આ કાર્યમાં સેવા આપી શકે એવી આર્થિક રીતે નબળી બહેનોને 'માનધન' આપવું જોઈએ. આ રીતે દરેક ગામ-શહેરમાં આ ઉમદા કાર્ય થઈ શકે. આ કાર્ય માટે સમાજનાં હોદ્દેદારો - અગ્રણીઓનો સહયોગ અને માર્ગદર્શન લેવું જોઈએ.

આ અતિ મહત્ત્વની કામગીરીનું જમા પાસુ એ છે કે સામૂહિક બચતની સાથે સાથે આ કામમાં જોડાયેલી બહેનોનું ઘેર ઘેર સંપર્ક જીવંત થઈ શકશે. જેથી આની સાથે બીજી અનેક પ્રકારની સમાજોપયોગી રચનાત્મક કામગીરી થઈ શકશે.

શુભ કાર્યમાં 'વિચારશું' એ શબ્દ કદાચ આપણને ભવિષ્યમાં નિરાશ કરી શકે છે.

***'કાલ કર સો આજ કર, આજ કર સો અભી.'***

॥ નવ સંસ્કરણ ॥

ચાંદીનું કચ્છી નકશીકામ અમારું અમૂલ્ય નજરાણું છે.

**LAXMI JEWELLERS**

**લક્ષ્મી જ્વેલર્સ**

**સોના-ચાંદીના દાગીનાનો શો રૂમ**


સુવર્ણ રજતના પ્રાચીન અર્વાચીન આભૂષણોમાં પસંદગીની વિશાળ શ્રેણી
અમારો નમ્ર પ્રયાસ છે.

અમારા અઢારમા વર્ષના મંગલ પ્રવેશ પ્રસંગે આપનું આગમન એ જ અમારી સમૃધ્ધિ છે.

૩, સિધ્ધાર્થ કોમ્પ્લેક્સ, હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ. ફોન : ૨૫૩૧૮૩, ૨૫૨૬૫૧

ઓધવજી રતનશી બારમેડા પરિવાર
પ્રો. ધર્મેન્દ્ર ઓધવજી બારમેડા


## શ્રધ્ધાંજલિ



• નિધન •
તા. ૨૬-૦૪-૨૦૦૭

### સ્વ. સોની જટુભાઈ કેશવજીભાઈ સોલંકી (રૂલ પ્રેસવાળા)

અ.સૌ. હીરાબેન જટુભાઈ સોલંકી (પત્ની)

ભરત જટુભાઈ સોલંકી (પુત્ર)
વનીતા સી. બુધ્ધભટ્ટી (પુત્રી)
મધુ પી. બીજલાની (પુત્રી)

# હિમાલયની ગોદમાં દિવ્ય દર્શન

• શૈલેષ કંસારા - ભુજ •

વેકેશનની લાંબી રજાઓ દરમ્યાન, જેને થોડું ઘણું પણ પરવડી શકે છે, તે, ખાસ કરીને શાળામાં ભણતાં બાળકો હોય, તેવા પરિવાર ક્યાંક ફરવા જવાનું વિચારે છે. અને ત્યારે આપણા પરંપરાગત સંસ્કાર પ્રથમ આપણને તીર્થસ્થાનોની યાદ અપાવે છે. હવે ઉનાળાની કાળઝાળ ગરમીમાં એવા તીર્થસ્થાને જવાનું જ ઠીક રહે, જ્યાં શરીર અને મનને ટાઢક મળે. એ માટે આપણે સાગર, નદી તટ અથવા હિમાલયની ગોદમાં હોય તેવા સ્થળો પસંદ કરીએ છીએ. તો આવો, આજે આપણે હિમાચલ પ્રદેશના મુખ્ય તીર્થસ્થાનો તરફ દૃષ્ટિ દોડાવીએ.



ભારતના ઉત્તર ભાગે આવેલો આ નાનકડો પર્વતીય પ્રદેશમાં દાખલ થતાં એના પ્રત્યેક, ઉપરની તરફ જતા વળાંકે વહેતા ઝરણાં, ખૂબ ઊંચા વૃક્ષો અને રંગબેરંગી વનરાજી આચ્છાદિત છે. એટલે કે બીજા કોઈ સ્થળે જતાં જ્યારે પ્રવાસ દરમ્યાન કંટાળાજનક દ્રશ્યો જોવા મળે ત્યારે હિમાચલ જતાં, ખાસ કરીને દિલ્હીથી ચંડીગઢ થઈને કાલકા પહોંચ્યા પછી રમકડાં રેલમાં સીમલા સુધીનો પ્રવાસ જ આપણું હૈયું તરબતર કરી દે છે. અને પછી તો હિમાચલ પ્રદેશ દેવોની ભૂમિ છે. અહીં નાના મોટા, સદીઓ પુરાણા સેંકડો મંદિરો છે. અત્રે એમાંના થોડાકનો આછો પરિચય પ્રસ્તુત છે.



લક્ષ્મીનારાયણ મંદિર : અહીંના ચંબા જીલ્લાનું આ મંદિર એના નગર સ્થાપત્ય માટે જગવિખ્યાત છે. એનું નિર્માણ દસમી સદીમાં, સાહીલ વર્મા નામના રાજ્યકાળ વખતે થયું. આ મંદિરના પરીસરમાં કુલ પાંચ મંદિરો છે. જેમાં, લક્ષ્મી દામોદર, રાધાકૃષ્ણ, ચંદ્રશેખર મહાદેવ, ગૌરીશંકર અને ત્ર્યંબકેશ્વર મહાદેવના મંદિરો દર્શનીય છે.

અહીં આજુબાજુ બીજા ઘણા સુંદર - નાના મંદિરોની હારમાળા છે. જેમાં વજ્રેશ્વરી, ચંપાદેવી, ચામુંડા આદિ દેવીઓના અને બીજા મહાદેવના મંદિરો છે. હિમાલયના હામી એવા મહાદેવ અને પાર્વતીના આ અદ્ભુત સ્વરૂપોનાં કમનીય દર્શન અને અહીંની આબોહવા શરીર અને મનને ખરી ટાઢક આપે છે. ચંબા જીલ્લાના બીજા મહત્ત્વના મંદિરોમાં ભારમુરના ૮૪ યોગી મંદિર ખાસ જોવાલાયક છે. ચંબા કસબાથી ૬૫ કિલોમીટર દૂર બસ અથવા ભાડૂતી ટેક્સીથી અહીં જઈ શકાય છે. આ જીલ્લાનું ત્રીજું મહત્ત્વનું મંદિર છત્રારી દેવીનું છે. અહીંનું આઠમી સદીનું લાકડાનું કોતરકામ, થાંભલા અને રત્નોજડિત મહાદેવી શક્તિનું પિત્તળનું શિલ્પ અલૌકીક છે.

હિમાચલના મંદિરો વિષેની આ તો થઈ પ્રારંભિક વાત. આના ઉપરાંત, અહીંના મંડી, કુલ્લુ, કાંગરા, સીમલા, બીલાસપુર, સિરમોર, ઉના અને હમીરપુર જીલ્લાના મંદિરો વિષે ક્રમશઃ વિગતો આપવામાં આવશે પરંતુ શરત એક જ છે કે એ માટે વાંચકોએ એમનો પ્રતિભાવ લખીને મોકલવો પડશે. થોડી ઝલક આપું તો, સીમલાના વિખ્યાત ભીમકાલી, હાટકોટી, કુલ્લુનું હેડંબાદેવી, કાંગરાનું જ્વાલામુખી અન બૈજનાથ, જાખુ અને સંકટમોચન, બીલાસપુરનું નૈનાદેવી અને ચિત્તપુરમી, શિરમોરનું પરશુરામ મંદિર અને હમીરપુરનું બાળા બાલકનાથ મંદિર વિ. છે.

પૃષ્ઠ સંકોચે બધાની વિગત એકસાથે ન આપી શકાય તે બદલ વાંચકો ક્ષમા કરે.

*સ્રોત : હિમાચલ ટુરીઝમ*

# અવિચ્છિન્ન પરંપરા : નૈવેદ્ય

## બારમેડા ગોત્રનાં નૈવેદ્ય

• સંકલન : શાંતાબેન અમૃતલાલ બારમેડા - અંજાર •

### • શ્રી ચામુંડા મા ગૌતમ ગોત્રજ બારમેડાનો ઇતિહાસ તથા નૈવેદ્ય

ગૌતમ ગોત્રજ કુળદેવી માં ચામુંડા બારમેડાનો ઈતિહાસ જોઈએ તો ધર્મસિંહજીથી શરૂ થાય છે. રાજસ્થાન જોધપુર જીલ્લામાં કેરાડુ ગામમાં વિક્રમ સંવત ૭૬૯માં દેવરાજજીને ત્યાં ધર્મસિંહજીનો જન્મ થયો. નાનપણથી તે બુધ્ધિશાળી અને પરાક્રમી પુરૂષ હતા. તેમણે જીવનમાં ઘણા કાર્યો કર્યા. સમાજ પ્રત્યેનો પ્રેમ અને સેવભાવથી તેમણે સમાજમાં એક વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. અનેક કુરીવાજો ખતમ કર્યા. સમાજની ૯૪૦ કન્યાઓ, જે દહેજને કારણે કુંવારી હતી તેમને પોતાના ખર્ચે એક માંડવે સમૂહ લગ્નમાં પરણાવી અને કન્યાદાન પણ આપ્યું. ધર્મસિંહજીએ ૮૪ અટક ગોત્રજ, ૯ ઋષિ દ્વારા અલગ અલગ કરી અને તેમ સાંચોરા બ્રાહ્મણને આપણા સમાજની વંશાવલીનો વહીવટ રાખવા માટે નીમ્યા.

ધર્મસિંહજીના વંશમાં એક દિવ્ય પ્રભૂતિ શ્રી પંછીદેવજીનો પ્રગટ વિક્રમ સંવત ૧૧૩૨ ચૈત્ર સુદ ત્રીજના મા ચામુંડાની અસીમ કૃપાથી પીંગાવતજીના ઘરે થયો હતો. તે ભૈરવનાં અવતાર હતા. માં એ પિંગાવતજીને કહ્યું હતું કે તેનો કોઈ પણ અપમાન કરશો તો તે અદ્રશ્ય થઈ જશે. પંછીજી બહુ તેજસ્વી હતા. જ્યારે બાર વરસના થયા ત્યારે એક દિવસ તેમની ભાભીએ કટુ વચન કહ્યું અને તરત જ તે અંતરધ્યાન થઈ ગયા. ભાભાની ખૂબ પ્રાર્થનાથી તે પ્રગટ થયા અને કહ્યું કે મારો જવાનો સમય થઈ ગયો છે. આજે અખા ત્રીજ છે. આજે મારો નૈવેદ્ય ધરજો. જે આ પ્રમાણે : બે માટલી કોરી લઈ તેમાં શુધ્ધ પાણી ભરી અને આખા ઘઉંની માતર (ગળધાણિયા) બનાવી અને નાળીયેર વધારવો. ઘી નો દીવો, અગરબત્તી કરી મારૂં ચરિત્ર તે દિવસે સાંભળવું. આટલું બોલીને તેઓ અંતરધ્યાન થઈ ગયા.

### • બારેમાસના નૈવેદ્ય

**કારતક સુદ-૫ (લાભ પાંચમ)ના નૈવેદ્ય**

ઘઉંના શેકેલા દારાની લાપસી, ઘઉંના લોટની ભાખરીયો લાડવો, કાળા તલ કૂટીને લાડવો, મગ, ચોળા, જુવાર ત્રણે સવા-સવા મુઠ્ઠીના ઠુંઠા રાંધવા અને નાળીયેર નૈવેદ્યની મિક્સ પ્રસાદી કાળા કૂતરાને ખવડાવવી અને સીંદૂરનો ચાંદલો કરી પૂંછડીએ પાણી રેડવું.

### • મહા સુદ-૭ના નૈવેદ્ય (માતાજીના) :

ઘઉંના શેકેલા દારાની લાપસી, ઘઉંના લોટની હાથે દબાવેલી રોટલી ૨૮ કરવી અને ૨ રોટલી દાદાની અને એક નાળીયેર વધારવો.

### • ચૈત્ર સુદ-૮ ના નૈવેદ્ય (માતાજીના) :

ઘઉંના શેકેલા દારાની લાપસી, ઘઉંના લોટની હાથે દબાવેલી રોટલી ૩૨ કરવી અને ૨ રોટલી દાદાની અને એક નાળીયેર વધારવો.

### • વૈશાખ સુદ-૩ (અખાત્રીજ)ના નૈવેદ્ય (પંછીજીના):

બે કોરી માટલી પાણીની ભરવી. ઉપર સફેદ કપડું ઢાંકો. માટલીને સિંદૂરના ચાંદલા કરવા. આખા ઘઉંની માતર કરી (ગરધાણિયા) નૈવેદ્ય કરવા અને નાળીયેર વધારવો.

### • શ્રાવણ માસની પૂનમનાં નૈવેદ્ય (બળેવના) :

ઘઉંના લોટની માતર, પલાળેલી મગની છળીયા દાળ.

### • આસો સુદ-૮ના નૈવેદ્ય (માતાજીના) :

ઘઉંના શેકેલા દારાની લાપસી, ઘઉંના લોટની હાથે દબાવેલી રોટલી ૩૨ કરવી અને ૨ રોટલી દાદાની અને નાળીયેર વધારવો.

### • આસો વદ-૧૪ (કાળી ચૌદસ)નાં નૈવેદ્ય :

ઘઉંના શેકેલા દારાની લાપસી, ઘઉંના લોટનો ભાખરીયો લાડવો, કાળા તલ કૂટીને લાડવો, મગ-ચોળા-જુવારના ઠૂંઠા રાંધવા, નાળીયેર વધારવો.

### • દિવાળીના નૈવેદ્ય

ઘઉંના શેકેલા દારાની લાપસી.

### • લગ્નનાં નૈવેદ્ય

**માઈનાં નૈવેદ્ય :** કાચા દારાની લાપસી, સાત મોળી પૂરી અને મોળા ભાત. બે માટલી રાખવી. એક માટલીમાં ઓગણપચાસ પૂરી, માતરના સાત લાડવા અને બીજી માટલીમાં સવા કિલો ખીચડી, સવા પાંચ રૂપિયા, નાળીયેર લીલો અને લીલા કલરનો કપડાનો પીસ, માઈના નૈવેદ્ય પછી દેવસ્થાનના નૈવેદ્ય જે કાળી ચૌદસના કરીએ છીએ એવી રીતે કરવા અને જ્યારે મોટે માંડવે પેણાવે ત્યારે તે નૈવેદ્યનો લાડવો જે મોટે માંડવે ઉઠાડે તેના હાથમાં આપવો અને જમણીમાં

સફેદ, લીલો, મરૂન ત્રણ પીસ અને માતાજીની ચૂંદડી.

- **ખોળાના નૈવેદ્ય :**

ખોળાના નૈવેદ્ય જે કાળી ચૌદસના થાય છે તે રીતે કરવા. વહુના પીયરના ઘરનો ઘરચોળો અને સફેદ બ્લાઉઝ સીવેલો, પાંચ ફળ, જુવાર સવા કિલો, એક નાળીયેર, એક સોપારી, કાચા સૂતરની આંટી આ બધી વસ્તુ ખોળો ભરતી વખતે વહુના ઘરચોળાના ખોળામાં આપવી.

- **ઝંડાના નૈવેદ્ય :**

ઝંડાના પહેલા દિવસે રાત્રે માઈના નૈવેદ્ય કરવા. નૈવેદ્યમાં કાચા દારાની લાપસી, સાત મોળી પૂરી અને મોળા ભાત. બે માટલી રાખવી. એક માટલીમાં સવા પાંચ રૂપિયા, નાળીયેર અને લીલા કલરનો કપડાનો પીસ તથા બીજી માટલીમાં સાત લાડવા માતરના અને ઓગણપચાસ પૂરી. હવે છોકરાના માથે વીંટી બાંધી અને મંગળીત કરવા. લાણ બાંધવી. લાણ માટે ત્રવાટાની રેતી, કોડી, લોખંડનો કેડો, હનુમાનનો મેલ, ગરમ કપડામાં બાંધવો. માથાના વાળની દોરી બનાવી અને ગરમ કપડામાં બાંધેલી વસ્તુ દોરીમાં બાંધી અને છોકરાના પગમાં બાંધવી અને બીજે દિવસે લગનના નૈવેદ્ય થાય એમ કરવા. જમણીમાં સફેદ, લીલો, મરૂન કલરના ત્રણ પીસ અને માતાજીની ચુંદડી, સોનાની ટીલડી ૪૦૦ મિલી ગ્રામની અને પાંચ રૂપિયા નૈવેદ્ય વખતે રાખવા. છોકરાના કપડા લાલ અને સફેદ સુટ ટોપલો, બુટ, ખોંભા ફારીયો મોસાળ તરફથી થાય. ઝંડા ઉતારી નવડાવી, મોસાળ તરફથી આવેલ કપડા પહેરાવવા અને નૈવેદ્ય કરી પગે લગાડવા.

જ્યારે ગોઠી કરવા હોય ત્યારે ગોઠીને આમંત્રણ આપી ચાંદલો કરવો. ગોઠીનાં નૈવેદ્ય કરવા પણ પંછીજીનું નામ લેવું નહીં કારણકે પંછીજી પોતે પંગાતમાં જમવા આવે છે. ગોઠી જ્યારે જમવા બેસે ત્યારે બધા ગોઠીનાં જમણા પગનો અંગૂઠો ધોઈ ચાંદલો કરવો અને જમવા બેઠેલા ગોઠીના જમણા પગનો અંગૂઠો દીકરો ધોવે અને વહુ ચાંદલો કરે.

***સૌજન્ય : કોટડા ચકારવાળા પ્રભાબેન કાંતિલાલ બારમેડા***

## તદ્દન નવી વાનગી - જીવન

એક કિલો પ્રેમ લ્યો. એમાં બસ્સો ગ્રામ સ્મિત ઉમેરો. આથો ચડી રહે પછી એમાં ચાર ચમચી વિશ્વાસ અને ત્રીસ ગ્રામ જેટલી સહાનુભૂતિ તથા એક લીટર સચ્ચાઈ ઉમેરો. જે મિશ્રણ તૈયાર થાય એને બરાબર ઘુંટો. પછી એમાં એટલા જ વજન જેટલો આનંદ રેડી એને વૈરાગ્યના ફ્રિજમાં મૂકી રાખો. કલાક પછી યોગ્ય કદના ચોસલા પાડીને શત્રુઓ તથા મિત્રોમાં વહેંચો. આ સ્વાદિષ્ટ વાનગીનું નામ છે - જીવન.

***લાયચા ડિંપલ જયંતીલાલ***

## સ્ત્રી શક્તિની ખંત, ખુમારી અને ખમીરના દર્શન

***શ્રીમતી નીમિષા એચ. કટ્ટા - આદિપુર***

જીવનનાં વિધવિધ ક્ષેત્રે પ્રથમ પગરણ માંડનારને અનેક સંકટો અને સંઘર્ષોનો સામનો કરવો પડે છે. કેટલીયે વિપત્તિઓ વચ્ચે ધ્યેયસિધ્ધિ માટે ખંત, ખમીર અન ખુમારી દાખવી પાછીપાની કરી હોય એવી મહિલાઓની દાસ્તાન લતા હીરાણીએ 'ઉજાસનું પ્રથમ કિરણ' પુસ્તકમાં રજૂ કરી છે. જેમણે નવી કેડી કંડારીને સફળતા પ્રાપ્ત કરી છે એવી એકસો એક મહિલાઓનો પરિચય આ પુસ્તકમાં આપવાનો પ્રયાસ કરાયો છે. ભિન્નભિન્ન ક્ષેત્રે આરંભમાં તો મુશ્કેલી નડે છે, છતાં પોતાની લડાઈ પોતે જ લડનારી સ્ત્રીઓએ પરિવાર સાથે પરિવારમાં રહીને પણ જે સિધ્ધિ હાંસલ કરી છે તેનો સાક્ષાત પરિચય આ પુસ્તક આપે છે.

આપણે ત્યાં સ્ત્રીની ભૂમિકા બે અંતિમ છેડાની રહી છે. સીતાની પૂજા કે સતીના મહિમાથી માંડી 'ઢોર ગંવાર, શુદ્ર, પશુ, નારી યે સબ તાડન કે અધિકારી'ને સમાજ ચરિતાર્થ કરતો હતો. પસંદગી, મહત્ત્વાકાંક્ષા, અભિરૂચિ, ઈચ્છા આ બધા જ શબ્દો નારીવાચક હોવા છતાં નારી સાથે એ શબ્દો લગોલગ રહી શકતા નથી. એક સમય હતો ત્યારે સ્ત્રી માત્ર ભોગ્ય કે દાસી લેખાતી. ગૃહ વ્યવસ્થા અને સંતાનોત્પાદન સિવાય એ પુરૂષની ઈચ્છા વગર કશું જ કરી શકતી નહીં. એવા નાજુક સમયમાં પણ ગૌરવવંતી નારીઓએ પોતાનું કૌવત બતાવવામાં પાછીપાની નહોતી કરી. રણમેદાને કૈકેયીએ રથની તૂટેલી ધરીની જગ્યાએ પોતાનો હાથ રાખી, પતિ દશરથને વિજયી કર્યા અને બે વરદાન - રામનો વનવાસ માંગ્યો ન હોત તો રામાયણનું સર્જન અને રાવણનો સંહાર શક્ય જ નહોતા.

'ઉજાસનું પ્રથમ કિરણ' પુસ્તકમાં ભીકાજી કામા, ડો. મુથ્થુલક્ષ્મી રેડ્ડી, એની બેસન્ટ અને મેરી પૂનન જેવી પ્રતિભાઓનો ઉલ્લેખ છે. પરદેશની એક યુવતી ભારતને પોતીકું કાર્યક્ષેત્ર બનાવે અને વિષમ સ્થિતિ સાથે એકલે હાથે ઝઝુમે એવા મધર ટેરેસાની વાત પણ છે. સુખી સંપન્ન પરિવારમાં ઉછરેલા ભીકાજી કામાને દેશભક્તિનો રંગ લાગ્યો પરંતુ પિતાને એ વાત પસંદ ન હતી તેથી તેને લગ્નની બેડીમાં બાંધી દેવાનું નક્કી કર્યું. પરંતુ જુદી જ માટીની ઘડાયેલી એ સ્ત્રી પતિ પહેલા દેશ સાથે પરણી ચૂકી હતી. કામણગારી કોકીલકઠનું એક ઝરણા સમું પ્રાગટ્ય એટલે લતા મંગેશકર! કિશોરીથી માંડી પ્રૌઢા સુધીની તમામ નાયિકાઓના ગીતો લતાજીએ સહજ રીતે ગાયા છે. કલ્પના ચાવલા, પી.ટી. ઉષા, ઈંદીરા ગાંધી, સરોજીની નાયડુ, વિજ્યાલક્ષ્મી પંડિત જેવી અનેક મહિલાઓનું જીવન મહિલાઓ માટે પ્રેરક બની રહ્યું છે. ભાતીગળ ભાવનાઓથી અનુપમ સૃષ્ટી સર્જનારી કવયિત્રી મીરા હોય કે આજના વર્તમાન સમયનાં પ્રભાવક નેતૃત્વ ધરાવનારા ઈંદીરા ગાંધી હોય - ભારત એવી પ્રભાવશાળી નારીઓ માટે સદૈવ ગર્વ લેશે જ.

અસ્મિતા પ્રગટ કરવામાં નારી પુરૂષ કરતાં માનસિક કે શારીરિક રીતે ક્યાંય ઉતરતી નથી.

**સોની હરિલાલ લખમશી (અંજાર) દ્વારા પ્રાયોજીત અખિલ ભારતીય**

# 'જ્ઞાતિસેતુ' બાળ ચિત્ર સ્પર્ધા

બાળકોને વેકેશન દરમ્યાન રસપ્રદ પ્રવૃત્તિ મળી રહે તે માટે સેતુએ એક ખાસ ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યુ છે. આપણા સમાજના ભારતના કોઈ પણ ખૂણે વસતા બાળકો, આયુ સીમા (પથી ૧૬ વર્ષ) એમાં ભાગ લઈ શકે છ.

☞ **વિભાગ "A" આયુ સીમા પથી ૧૦ વર્ષ.**

☞ **વિભાગ "B" આયુ સીમા ૧૧થી ૧૬ વર્ષ.**

ચિત્ર સ્પર્ધા માટે એન્ટ્રી અત્રે મોડામાં મોડી ૧૫-૬-૦૭ સુધી મળી જવી જોઈએ.

● **ચિત્ર માટેનાં પ્રસ્તાવિત વિષયો :**

★ **વિભાગ - "એ" (નાનાં બાળકો માટે)**

કોઈ ખાસ વિષય નથી પરંતુ બાળક - એની આસપાસ, એનું ઘર, શાળા, મિત્રો, રમતગમત, એના પરિવારનાં સભ્યો વિ. વિષે જે કંઈ એને રસ પડે તેવું ચિત્ર દોરી શકે છે.

(વાલીઓને સુચના : ચિત્ર બાળકે જાતે જ દોરવાનું છે. આ વયના બાળકોને કેમ દોરવું એ નહીં, પણ એની આસપાસ શું છે એનો ખયાલ આપતા રહેવાથી એ પોતાની મેળે, એના ચિત્રનો વિષય શોધી લેશે. એણે શોધેલા વિષય પછી એને એમાં જ રમણ રહેવા દેવો. કોઈ સલાહ સૂચન ન આપવા ખાસ વિનંતી છે.)

★ **વિભાગ-"બી" (૧૧-૧૬ વર્ષની વયના બાળકો માટે)**

*ખાસ વિષયો : (આમાંનો કોઈ એક વિષય) લઈ શકે છે :*

૧. આપણા તહેવારો, દિવાળી, હોળી, પતંગોત્સવ, નવરાત્રી, સ્વાતંત્ર્ય દિવસ, રક્ષાબંધન વિગેરે.
૨. આપણા રીત-રીવાજો, લગ્ન, પૂજા, મંદિર.
૩. આપણા મનોરંજન સ્થળો / સાધનો, મેળા, પ્રદર્શન, ખેલકૂદ દશ્યો
૪. આપણા ઘરેલું વ્યવસાય - દુકાનદાર, ગલીને છેડે કપડા પ્રેસ કરવાવાળો, ચંપલ સાંધનારો, સાઈકલમાં હવા ભરનારો, પેટ્રોલ પંપ વિગેરે.

● **સ્પર્ધા હેતુ મોકલવાના ચિત્રો વિષેની વિગત :**

૧. કોઈપણ એક વિષય પર માત્ર એક જ ચિત્ર મોકલવું.
૨. ચિત્ર માટે આશરે ૧૧ ઈંચ x ૧૩ ઈંચની સાઈઝના ડ્રોઈંગ પેપર - શક્ય હોય તો કાર્ટીજ પેપર (સ્ટેશનરને કહેવાથી આપશે) લેવું.
૩. ચિત્ર માટે કોઈ પણ પ્રકારના વોટર / ઓઈલ કે પેસ્ટલ કલર વાપરી શકાય છે.
૪. ચિત્ર દોરનાર બાળકે ચિત્રના ઉપરના છેડે, માત્ર એનું નામ (સહી) તદ્દન ઝીણા અક્ષરે લખવું. જેથી એણે દોરેલા ચિત્રનું એને ગૌરવ રહે.
૫. ચિત્રના પાછળના ભાગમાં નીચેની વિગતો સ્પષ્ટ લખવી. (આ વિગતો બાળકના વાલી પણ લખી શકે છે.)
   - ✦ બાળકનું નામ, અટક, પિતાનું નામ, લીંગ, વય (પૂરા વર્ષમાં), જન્મ તારીખ, અભ્યાસનું ધોરણ.
   - ✦ ચિત્રનું ટાઈટલ વિભાગ વિ. લખવું.
   - ✦ સરનામું (પૂરૂં. પીનકોડ નંબર ખાસ લખવો) ફોન હોય તો તે નંબર પણ અવશ્ય લખવા.
   - ✦ ચિત્ર પર બીજો એક કોરો કાગળ ઢાંકવો. જેથી એના રંગ વિગેરે ખરાબ ન થાય.

દોરેલું ચિત્ર, સારી રીતે કવરમાં, ઉપર વાલીના પત્ર સાથે પેક કરીને "જ્ઞાતિ સેતુ" કાર્યાલય, ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ના સરનામે અથવા સ્થાનિક માનદ્ સેતુ પ્રતિનિધિને તા. ૧-૬-૦૭ સુધી મોકલી આપવું. ચિત્ર અહીંની ઓફિસે મોડામાં મોડા ૧૫-૬-૦૭ સુધીમાં એકત્ર થશે તેને જ ગણતરીમાં લેવામાં આવશે. ટપાલમાં કે બીજી રીતે ગેરવલ્લે થયેલી એન્ટ્રી માટે આ કાર્યાલયની કોઈ જવાબદારી રહેશે નહીં.

● **નિર્ણય :** આ ચિત્રોનું મૂલ્યાંકન ગુજરાતના પ્રતિષ્ઠિત ચિત્રકાર અને ચિત્ર અધ્યાપક શ્રી જાદવજીભાઈ પટેલ દ્વારા થશે. તેઓશ્રી અમદાવાદના જાણીતા સી.એન. વિદ્યાલયમાં ૧૯૭૩થી ફાઈન આર્ટ વિભાગના અધ્યાપક તરીકે કાર્યરત છે.

● **ઈનામો :** ચિત્ર સ્પર્ધા - પ્રથમના ઈનામો શ્રેષ્ઠી શ્રી હરીલાલભાઈ લખમશી વિશા પરમાર - અંજાર તરફથી જાહેર કરવામાં આવે છે. આવી સ્પર્ધાઓનો આરંભ કરવા માટે એમણે આપેલી પ્રેરણા તેમજ પ્રોત્સાહન બદલ 'જ્ઞાતિ સેતુ' તથા શ્રી અમદાવાદ જ્ઞાતિ સમાજ કારોબારી એમનો હાર્દિક આભાર માને છે. આવી સ્પર્ધાઓ દ્વારા બાળકોમાં સંસ્કાર સિંચન પ્રયાસોને પ્રોત્સાહન આપવા જ્ઞાતિ સમસ્તના અન્ય 'શ્રેષ્ઠીઓ'ને એમનો સહકાર આપવા આગ્રહભરી વિનંતી છે.

| | *ગ્રુપ "બી"* | *ગ્રુપ "એ"* |
|---|---|---|
| ● પ્રથમ ઈનામ | રૂ. ૭૫૦/- | રૂ. ૫૦૦/- |
| ● બીજું ઈનામ | રૂ. ૫૦૦/- | ૩૦૦/- |
| ● ત્રીજું ઈનામ | ૨૫૦/- | ૨૦૦/- |
| ● ઈનામો કુલ | ૧૫૦૦/- | ૧૦૦૦/- |

પ્રોત્સાહન ઈનામો રૂ. ૫૦૦/- *(કુલરૂા. ૩,૦૦૦/-)*

● **પ્રોત્સાહન ઈનામ :** વિભાગ "એ"માં સૌથી નાની વયના બાળક-બાલીકા તેમજ વિભાગ "બી"માં સૌથી નાની વયના બાળક-બાલીકાને એમ કુલ ચાર ઈનામો - દરેકને રૂા. ૧૨૫/- પ્રોત્સાહન રૂપે આપવામાં આવશે.

# રંગ અને રેખાનું બાળકોના વ્યક્તિત્વ વિકાસમાં મહત્ત્વ

## વાલીઓ જોગ નમ્ર નિવેદન

આપણી અગાઉની પેઢીઓ ખરેખર નસીબદાર હતી. તે વખતે બાળકોના વાલીઓને એમના બાળકો પ્રત્યે વધુ પડતું ધ્યાન આપવું પડતું નહોતું. એનું પ્રથમ કારણ તો એ હતું કે સંયુક્ત કુટુંબમાં અનેક નાની-મોટી વયના સંતાનો ઉતરતા ક્રમે બાળકોનું ધ્યાન રાખતા. એને સામાજીક સંદર્ભો સમજવા, આસાન હતા. તે વખતે ગામને પાદરે એક વેકેશન તો શું પણ આખો જન્મારો ન ખૂટે તેટલું વૈવિધ્ય જોવા અને જાણવા મળતું. ઘેઘૂર વડલા, ખડાં ભરેલાં ખેતરો, સૂકાઈ ગયેલી નદીઓના નેશડા, મોર અને બીજા પશુ પક્ષીઓ. કુદરત દીધું ઘણું ઘણું એમને અનાયાસ મળી રહેતું. પરંતુ હવે, શહેરો તો ઠીક નાના કસબાઓમાં પણ સિમેન્ટના રસહીન જંગલો વચ્ચેતી વરસતી પ્રદૂષિત હવા અને વાહનોના અને બીજા નક્કામા ઘોંઘાટ સિવાય બીજું કંઈ મળતું નથી. ઘરમાં પણ ટેલીવિઝન, વિડીયો ગેઈમ સિવાય બીજું કંઈ નથી હોતું. પુસ્તકો, સામયિકો હોય તો પણ બાળકો એના પ્રત્યે ભાગ્યે જ આકર્ષાય છે. જો કે સમજુ વાલીઓ બાળકો માટે ખાસ ઉપયોગી માહિતી પ્રત્યે એમનું ધ્યાન અવશ્ય દોરે છે. પાસ પડોશ સાથે કોઈ સંબંધ ન હોતાં, બાળક એકલવાયાપણું અનુભવે છે. આવા માહોલમાં બાળકોને વેકેશન દરમ્યાન, એમને રસ પડે તેવી જો કોઈ પ્રવૃત્તિ હોય તો તે છે ચિત્રો દોરવાનું, એમાં રંગો ભરવાનું કામ.

એ આવશ્યક નથી કે આ પ્રવૃત્તિ બાળકને ભવિષ્યમાં ચિત્રકાર બનાવવાના ઉદ્દેશ્ય સાથે આપવામાં આવે. પરંતુ ચિત્રકળા બાળકના વ્યક્તિત્વ ઘડતરમાં ઘણી રીતે ઉપયોગી છે. આવો, આપણે થોડી વધુ વિગતે એને ચકાસીએ.

### ૧. જોવાની કળા અને પ્રક્રિયાનો વિકાસ :

ચિત્ર દોરવું એટલે કે કંઈક જે બાળકે જોયું હોય એની કલ્પનામાં પેંઠ, હોય તેને આકાર આપવો. એટલે કે બાળકની સર્વપ્રથમ જોવાની ક્ષમતાના વિકાસની પ્રક્રિયામાં ચિત્રકળા અત્યંત મહત્વનો ભાગ ભજવે છે. આ જોવાની, અવલોકન કરવાની જો એને ટેવ પડે તો એ ભવિષ્યમાં કેટલી બધી ઉપયોગી છે તેનો તો આપણને સહુને અનુભવ છે જ. એટલે કે બાળકને ચિત્રકળામાં રસ લેતો કરીએ ત્યારે આપણે સર્વપ્રથમ એને જોતાં શીખવીએ છીએ.

### ૨. જોયેલું પ્રસ્તુત કરવાની પ્રક્રિયાનો વિકાસ :

હવે બાળક જે કંઈ જુએ છે, તેનો એના માનસપટ પર સંગ્રહ થઈ જ જાય છે. એને ક્યારે અને કેટલો વ્યવસ્થિત રીતે યાદ કરવો એટલે કે 'Recall'ની પ્રક્રિયામાં ચિત્રકળા અત્યંત ઉપયોગી છે. બાળકને ટેબલ દોરવાનું કહેવામાં આવે તો એ ટેબલના ચાર પાયાનો એને પ્રથમ Recall થશે. એ પાયા લાકડાના છે અને એ લાકડું ઝાડ પરથી મળ્યું છે માટે એ ઝાડ નહીં બનાવે. પાયા જ બનાવશે. અને ચાર કે ત્રણ પાયાની જેવી ટેબલ એણે જોઈ હશે તેવી બનાવવા પ્રયાસ કરશે. અહીં એના પ્રમાણનું મહત્ત્વ નથી. પાયા નાના મોટા હોઈ શકે છે. આડાઅવળા પણ મૂકી શકે છે કારણકે એના Depth perception પ્રસ્તુત કરવાનો માનસિક વિકાસ અને તાલી એની પાસે નથી. ટુંકમાં બાળક આ બે વસ્તુનો માત્ર આ બે વસ્તુનો, અભ્યાસ કરતો થશે તો એની એ માનસિક ક્ષમતા યોગ્ય રીતે કેળવાશે.

### ૩. રંગની સમજ :

બાળક પ્રથમથી જ મેઘધનુષના રંગોને પ્રસ્તુત ન કરી શકે એટલું જ નહીં, બાળકની રંગ વિષેની ઋચિ પણ ભિન્ન હોઈ શકે. એટલે રંગો વિષેનાં એના અવલોકનોમાં એના મનની પસંદ નાપસંદ મુજબ એ રંગો પૂરવા પ્રયત્ન કરશે અને એની અજાણતા જ રંગોનું કુદરતી આયોજન એના માનસપટ પર અંકિત થતું જશે. રંગબેરંગી પતંગીયું, લાલ ગુલાબનું ફૂલ, પીળું સૂરજમુખીનું ફૂલ અને એ બધા વચ્ચે સફેદ કે કાળા રંગનું સંયોજન એ આપોઆપ શીખતો જશે. એની પોતાની ઋચિ એમાં ભેળવતો જશે. એની કલ્પના શક્તિનો, સંયોજન શક્તિનો વિકાસ ક્રમે ક્રમે થતો જશે.

ટૂંકમાં બાળકને એ પાંચથી દસ વર્ષના વયગાળા દરમ્યાન જો રંગ અને રેખા સાથે છૂટથી રમવા દેવામાં આવે, તો એનામાં જે ક્ષમતાનો વિકાસ થશે, તે એન જે પણ ક્ષેત્રમાં એ જશે ત્યાં ઘણું જ કામ લાગશે. અને આપણે, કળા તો આપણા બાળકોને વારસાગત છે. આપણા બધા જ વ્યવસાય સોના ચાંદીના આભૂષણો હોય કે ત્રાંબા પિત્તળ કાંસાના વાસણો કે અન્ય વસ્તુો હોય રંગ અને રેખા - આકાર અને ઉભારનું મહત્ત્વ આપણા બાળકોને ખૂબ જ સહેલાઈથી સમજાઈ જાય છે. માટે વેકેશન દરમ્યાન બાળકોને વિડીયો ગેઈમ્સ લઈ આપવાને બદલે, થોડા ચાર્ટ પેપર, રબ્બર અને પેન્સિલોનો ઢગલો આપી દો. રંગો (આરંભમાં મીણિયા અને પછી વોટર કલર)ની લ્હાણી કરો. એને કંઈક ને કંઈક દોરવા પ્રોત્સાહિત કરો. અને તમે જોશો કે સાંજે તમે વ્યવસાયથી થાક્યા પાક્યા ઘરે આવશો ત્યારે વીડીયો જોઈને પહોળી થયેલી લાલ આંખો અને ચિડીયા સ્વભાવવાળું બાળક એમનું સ્વાગત કરે તેને બદલે રંગ અને રેખાથી રમમાણ થયેલો પ્રફુલ્લિત બાળક એમની સમક્ષ હશે - ચોક્કસ હશે. માટે જ વિનંતી છે કે બાળકોને આ વેકેશન દરમ્યાન ઘરમાં જ એ પ્રવૃત્તિશીલ રહે તે માટે ચિત્રકળાનો સામાન લાવી આપો. થોડું પ્રોત્સાહન આપો અને સમય પ્રમામે ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવા એ પોતે જ પોતાની રીતે તૈયાર થાય તેવું વાતાવરણ પેદા કરો. બાળકના વ્યક્તિત્નવો વિકાસ હવેના વાલીઓ માટે ચેલેન્જ છે. એને સ્વીકારો.

*— હંસરાજ કંસારા*

# ઘર આંગણે ગંગા – ગાંધીનગર

*વેકેશન દરમ્યાન પ્રવાસે જવાનું મન તો બધાને હોય પણ સંયોગોવશાત્ - ક્યાંક જઈ શકાય તેમ ન હોય તો એકાદ વીક-એન્ડ ગાંધીનગર એટલે કે, ભારતનું શ્રેષ્ઠ હરિયાળું શહેર, પણ જોવા જેવું છે. આવો આજે આપણે એના કેટલાક જોવાલાયક સ્થળોનો પરિચય મેળવીએ.*

## ગાંધીનગર

મહાત્મા ગાંધીના નામ સાથે જોડાયેલું ગાંધીનગર ગુજરાત રાજયનું પાટનગર છે. આ નગરની રચના હરિયાણા - પંજાબ અને ચંદીગઢ (કેન્દ્રશાસિત પ્રદેશ)ના સંયુક્ત પાટનગર ચંદીગઢ જેવી કરવામાં આવેલ છે. આ શહેર ત્રીસ સેક્ટરોમાં વહેંચાયેલું છે. સરિતા ઉદ્યાન, હરણ ઉદ્યાન, ગુલાબ ઉદ્યાન, બાલોદ્યાન તેમજ 'અક્ષરધામ' આ નગરની શાન છે. તો ભવ્ય સચિવાલય અને વિધાનસભા ગૃહ દર્શનીય છે. નજીકમાં જ આ જિલ્લામાં આવેલી પ્રાચીન 'અડાલજની વાવ' શિલ્પ સ્થાપત્ય માટે ખૂબજ પ્રખ્યાત છે.

આ શહેરનું હુલામણું નામ 'ગ્રીન સીટી' છે. અહીં વૃક્ષાચ્છાદિત પહોળા રસ્તા, ગૂંજતી શાંતિ, લહેરાતી લીલોતરી શહેરની શોભામાં વધારો કરે છે. વળી જૈનોનું પ્રસિધ્ધ યાત્રાધામ મહુડી જવાનો માર્ગ પણ અહીંથી છે. જેથી મહુડીના દર્શન અને સુખડી પ્રસાદની મજા માણી શકાય છે.

***પ્રવાસી માટે માહિતી કેન્દ્ર :*** ગુજરાત પ્રવાસન નિગમ લિ., સેક્ટર-૧૬, ગાંધીનગર.

## ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન (ગાંધીનગર)

ગાંધીનગરમાં આવેલું આ પ્રકૃતિ ઉદ્યાન ખરેખર આપણને કુદરતને ખોળે લઈ જાય છે. આ પ્રકૃતિ ઉદ્યાન પ્રાકૃતિક સમતુલા જાળવી રાખવાના ઉદ્દેશથી વિકસાવવામાં આવી રહ્યો છે. આ પ્રકૃતિ ઉદ્યાનને ગીર ફાઉન્ડેશન નામની સ્વાયત્ત સંસ્થા વિકસાવી રહી છે. આ ઉદ્યાનની શરૂઆત હરણોના નિવાસથી કરવામાં આવી હતી. તેથી તેન હરણોદ્યાન પણ કહે છે.

આ ઉદ્યાનમાં અનેક પ્રકારની ઔષધીય વનસ્પતિઓ જોવા મળે છે. ખાસ કરીને વનસ્પતિ શાસ્નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ આ ઉદ્યાનની મુલાકાત અચૂક લેવી જોઈએ. ઉપરાંત અહીં મગરમચ્છ કેન્દ્ર, સર્પગૃહ, પ્રાકૃતિક શિક્ષણ કેન્દ્ર વગેરે આવેલા છે. અહીં ગુજરાતભરમાંથી વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક શિક્ષણ શિબિરો યોજવામાં આવે છે. આ શિબિરોમાં વિદ્યાર્થીઓને વનસ્પતિ-પશુ પક્ષીઓ વિશે ઊંડી સમજ આપવામાં આવે છે. અહીં નીલગાય - ચિત્તળ - કાળીયાર જેવા પ્રાણીઓ તેમજ લક્કડખોદ, બ્રાહ્મણીમેના, સુગરી, કોયલ, કાળીયોકોશી જેવા અનેક પક્ષીઓ જોવા મળે છે. તો રાષ્ટ્રીય પક્ષી મોર કળા કરતો જોવા મળે છે.

આ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં જાતજાતના ડાયનોસોરની પ્રતિકૃતિઓ બનાવવામાં આવી છે જે અનેરૂં આકર્ષણ જમાવે છે. આ ઈન્દ્રોડા નેચર પાર્કમાં આરામથી ત્રણ-ચાર કલાક ફરીને જરૂર આપણે શહેરના ઘોંઘાટથી દૂર રહી, શાંત અને સુરમ્ય વાતાવરણનો આનંદ માણી શકીએ.

## ગાંધીનગર પાસે આવેલ શ્રી મધુપુરી તીર્થ

ગુજરાત એ સંતો મહંતોની ભૂમિ છે. તેથી સ્વાભાવિક છે કે અહીં અનેક યાત્રાના સ્થળો આવેલા છે. ગુજરાત એ સર્વ ધર્મોના ધાર્મિક સ્થાનો માટે જાણીતું છે. અહીં હિંદુ, મુસ્લિમ, જૈન, પારસી બધા ધર્મોના મહત્ત્વના ધાર્મિક સ્થાનો આવેલા છે. આમ ગુજરાત એ શ્રધ્ધા અને વિશ્વાસની ભૂમિ છે.

આ ગુજરાતના પાટનગરની નજીકમાં જૈનોનું પવિત્ર તીર્થસ્થાન મહુડી (મધુપુરી) આવેલું છે. આ તીર્થસ્થાન સાબરમતી નદીના કિનારે ગાંધીનગરથી ૪૫ કિ.મી.ના અંતરે મહેસાણા જિલ્લાના વીજાપુર ગામથી લગભગ આઠેક કિ.મી. દૂર આવેલું છે. જૈન શાસનના ત્રીસમા વીર ઘંટાકર્ણ મહાવીર કહેવાય છે. આ મહુડી તીર્થસ્થાનમાં તેમની મૂર્તિ આવેલી છે. કાર્યસિધ્ધિકારક શ્રી ઘંટાકર્ણ મહાવીરની પ્રતિષ્ઠા શ્રીમદ્ આચાર્યશ્રી બુધ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે કરાવી હતી. આ મહુડી તીર્થસ્થાનમાં જૈનો ઉપરાંત અન્ય ઘણા લોકો શ્રધ્ધાથી અહીં દર્શનાર્થે આવે છે અને શ્રી ઘંટાકર્ણ મહાવીરને સુખડીનો પ્રસાદ ધરાવે છે. અહીં સુખડીનો પ્રસાદ ધરાવીને મંદિરના પટાંગણમાં જ એ પ્રસાદ વહેંચી દેવો પડે છે અને પ્રસાદરૂપે સૌ લે છે. પટાંગણની બહાર આ સુખડીનો પ્રસાદ લઈ જવાતો નથી. કાળી ચૌદસના દિવસે આ તીર્થ સ્થાનમાં વિશેષ પૂજા - હોમ - હવન થાય છે. દૂર દૂરથી લોકો અહીં આવે છે. શ્રી ઘંટાકર્ણ મહાવીરનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે.

અહીં સુંદર ધર્મશાળા, ભોજનશાળાની સગવડ છે. અમદાવાદ - ગાંધીનગર ઉપરાંત સમગ્ર ગુજરાતમાંથી અહીં પહોંચવા માટે એસ.ટી. બસો મળે છે. મંદિરના પટાંગણમાં ઘંટ સ્થાપિત કરવામાં આવ્યો છે. શ્રી ઘંટાકર્ણ મહાવીર પાસે શ્રધ્ધાથી પહોંચનારનું દરેક કાર્ય સિધ્ધ થાય છે. તેથી જ દેશ પરદેશમાંથી અસંખ્ય યાત્રાળુઓ આ સ્થળની મુલાકાત લેવા આવે છે.

# ભાવતાં ભોજન

## પંજાબી ડિશીશ

### રોયલ મલાઈ કોફ્તા

*સામગ્રી (કોફ્તા માટે) :* ૫૦૦ ગ્રામ બટેટા, ૪ સ્લાઈસ બ્રેડ અથવા ૪ ટી-સ્પૂન મેંદો, આદુ મરચા કોથમીરની પેસ્ટ, મીઠું, તળવા માટે તેલ.

*ગ્રેવી માટે :* ૫૦૦ ગ્રામ ટામેટા, ૧ ટી સ્પૂન આદુ મરચા કોથમીરની પેસ્ટ, ગરમ મસાલો, તજ, લવિંગ, મરી, જીરૂ, ધાણા, વરીયાળી, સંચળ, બાદીયાના ફૂલ, ખસખસ. ઉપરોક્ત દરેક મસાલા પ્રમાણસર લઈ દરેક મસાલાને સૌપ્રથમ શેકવું અને ત્યારબાદ આ મસાલાને મિક્સ્ચરમાં પીસી લેવું. આ મસાલામાં વરીયાળી તેમજ બાદીયાના ફૂલનું પ્રમાણ થોડું વધારે લેવું. જેથી સ્વાદ તેમજ સોડમ સારી આવશે. મીઠું, સૂકું મરચું, ૧ કટોરી દહીં ૧૦૦ ગ્રામ ક્રીમ, ૨ ટી સ્પૂન ઘી, પ્રમાણસર પાણી.

*પૂરણ માટે :* ૫ નંગ એલચી, ૧૦ નંગ કાજુ, ૫ નંગ પીસ્તા, ૭ નંગ બદામ, થોડી જાવંત્રી, ૧ નાની કટકી જાયફળ, કેસર અથવા તેનું એસેન્સ, ૧ નાની કટોરી ઘટ્ટ મલાઈ, ૧ ટી-સ્પૂન ખસખસ, ૧ ટે.સ્પૂન કોપરાનું ખમણ. એલચી, જાવંત્રી, ખસખસ, જાયફળને પીસવા તેમજ કાજુ બદામ પીસ્તાને ઝીણા સમારવા.

*બનાવવાની રીત :*

સૌપ્રથમ બટેટાને બાફી, છાલ ઉતારી છૂંદો કરવો અને તેમાં મીઠું, આદુ-મરચા-કોથમીરની પેસ્ટ તેમજ બ્રેડ અથવા મેંદો નાખવો. મલાઈની અંદર ઉપરોક્ત ડ્રાયફ્રુટ, કોપરાનું ખમણ મિક્સ કરી પૂરણ તૈયાર કરવું. બટેટાના લૂઆ લઈ વચ્ચે મલાઈ ભરી, લંબગોળ કોફ્તા તૈયાર કરી ગરમ તેલમાં તળવા.

ત્યારબાદ ટામેટાને મિક્સ્ચરમાં પીસવા. (જો નાંખવી હોય તો ૧ ડુંગળી બારીક સમારવી.) પહોળા વાસણમાં ઘી ગરમ કરવું અને તેમાં આદુ મરચાની પેસ્ટ, ગરમ મસાલો, ડુંગળી નાખી ૫ મિનિટ સાંતળવું. ત્યારબાદ ઘી છૂટું પડવા આવે ત્યારે દહીં તેમજ ટામેટાની પેસ્ટ નાખવી. મીઠું, મરચું, હળદર ક્રીમ નાખવા અને ગ્રેવીને ૫થી ૧૦ મિનિટ ઉકળવા દેવી. જરૂર લાગે તો પાણી નાખવું.

સર્વ કરતી વખતે સૌપ્રથમ પ્લેટમાં કોફ્તા ગોઠવી તેના પર ગ્રેવી નાખવી અન છેલ્લે મલાઈ રેડી છીણેલા ચીઝ અને વરખથી ડેકોરેશન કરવું.

### વેજ મહારાજા

*સામગ્રી :* ૨૦૦ ગ્રામ લીલા વટાણા, ૩૦૦ ગ્રામ ટામેટા, ૧૦૦ ગ્રામ ફણસી, ૫૦ ગ્રામ કોબી, ૨ બટેટા, ૭૫ ગ્રામ પાલકની ભાજી, ૧ ટે.સ્પૂન આદુ-મરચા-ધાણાની પેસ્ટ, ૩ ટે.સ્પૂન કોપરાનું ખમણ, ૪ અંજીર, ૧૦૦ ગ્રામ પનીર, ૧૦૦ ગ્રામ માવો, ૧ ટે.સ્પૂન ગરમ મસાલો, ૨ કાંદા, ૫થી ૬ કળી લસણ, ૨ ટે.સ્પૂન ઘી, ૨ ટે.સ્પૂન તેલ, મીઠું, મરચું, હળદર, કાજુ, બદામ, ઝીણા સમારેલા, ૧ એપ્પલ.

*બનાવવાની રીત :* સૌપ્રથમ વાસણમાં તેલ ઘી મૂકી તેમાં આદુ મરચાની પેસ્ટ તેમજ ગરમ મસાલો સાંતળી ઝીણા સમારેલા કાંદા તેમજ લસણને સાંતળવા. ત્યારબાદ ફણસી, કોબી, પાલક (ઝીણા સમારેલા) નાખવા. ૫ મિનિટ બાદ તેમાં બાફેલા વટાણા, બાફેલા બટાકા (ઝીણા સમારેલા), અંજીરના ટુકડા, નાળીયેરનું ખમણ, સફરજન, કાજુ, બદામ, ઝીણા સમારેલા પનીર, મીઠું, મરચું, હળદર તેમજ માવાનું ખમણ નાખી ૫થી ૧૦ મિનિટ રાંધવું. શાક રંધાવા આવે ત્યારે પીરસતી વખતે કાજુ, કિસમીસ, પનીરના ખમણથી ડેકોરેશન કરવું.

### કાશ્મીરી ખોયા કોફ્તા

સામગ્રી : ૧૫૦ ગ્રામ માવો, ૩૦૦ ગ્રામ બાફેલા બટેટાનો માવો, ૫ સ્લાઈસ બ્રેડ અથવા ૫ સ્પૂન મેંદો, ૧ ટે.સ્પૂન કોર્નફ્લોર, ૧ ટે.સ્પૂન વાટેલા આદુ મરચા કોથમીરની પેસ્ટ, મીઠું પ્રમાણસર, ૧ ટી.સ્પૂન ચાટ મસાલો, ૧ ટી.સ્પૂન શાકનો ગરમ મસાલો, ૫૦ ગ્રામ કોથમીર, તળવા માટે તેલ, ૫૦ ગ્રામ ગાજર.

*કરી :* ૩૦૦ ગ્રામ ટામેટાનો પલ્પ, ૨ ટે.સ્પૂન ઘી, ૧ કટોરી દહીં, ૨ સ્પૂન ચણાનો લોટ, પાણી, ૨ બારીક કાપેલા કાંદા, ૧૫૦ ગ્રામ પનીર, ૨૫ ગ્રામ બારીક સમારેલી કોથમીર.

*વાટવાની પેસ્ટ તેમજ શાક :*

૨ ટે.સ્પૂન આદુ-મરચા-કોથમીરની પેસ્ટ, ૨૫ ગ્રામ ફુદીનો, ૧ ટે.સ્પૂન ગરમ મસાલો, ૪ ઈલાયચી, ૧ નાની કટોરી નાળીયેરનું ખમણ, ૪૦૦ ગ્રામ બાફેલા વટાણા, ૧ ગાજર, લાલ મરચું, ૧ ટે.સ્પૂન ઘી વઘાર માટે.

*બનાવવાની રીત :* સૌપ્રથમ માવાને ખમણી બટેટાનો છુંદો, પલાળેલી બ્રેડ અને બાકીનો બધો મસાલો તેમજ મીઠું નાખી ગોળ કોફ્તા વાળવા. (થોડો માવો ગ્રેવી માટે બાજુ પર

રાખવો) અને ગરમ તેલમાં તળી લેવા. ઉપરોક્ત મસાલા તેમજ બાફેલા વટાણા (વટાણા અધકચરા પીસવા) બારીક સમારેલ ગાજરને ૧ ટે.સ્પૂન ઘી માં વઘારવા. ત્યારબાદ ૨ ટે.સ્પૂન ઘી ગરમ કરી બારીક સમારેલા કાંદા સાંતળવા. ૫ મિનિટ બાદ ટામેટાનો પલ્પ નાંખવો. ત્યારબાદ દહીં ચણાનો લોટ તેમજ પાણી ભેગા કરી હલાવી, ટામેટાના પલ્પમાં નાંખવા. ઉપરોક્ત પેસ્ટ તેમજ શાક નાખી, ધીમા તાપે ૫ મિનિટ રાખવું.

સર્વ કરતી વખતે ઊંડી પ્લેટમાં સૌપ્રથમ કોફ્તા ગોઠવી તેના પર ગ્રેવી રેડવી.

## નાન

***સામગ્રી :*** ૫૦૦ ગ્રામ મેંદો, ૧ ટી.સ્પૂન બેકીંગ પાવડર, પ્રમાણસર મીઠું, ૨ ટે.સ્પૂન ગરમ કરેલું ઘી, ૧ કટોરી દૂધ, ૧ કટોરી દહીં, ૧ ટે.સ્પૂન ખાંડ, ૧ ટે.સ્પૂન ક્લોજી (કાંદાના સૂકા બી), ૧ ટી-સ્પૂન યીસ્ટ, પ્રમાણસર નવશેકું પાણી.

***બનાવવાની રીત :*** સૌપ્રથમ મેંદો, બેકીંગ પાવડર તેમજ મીઠું મિક્સ કરી ચાળી લેવું. દૂધ ગરમ કરી તેમાં ખાંડ તેમજ યીસ્ટ ઓગાળી લોટમાં ભેળવવું અને દહીં નાંખી પાણીથી લોટ બાંધવો. બાંધેલ લોટને ભીના કપડામાં ૨ કલાક રાખવું.

ત્યારબાદ કણકના લૂઆ જરા મોટા કરી ઘી નો હાથ લગાડી ત્રિકોણ આકારની નાન બનાવી બેકીંગ ડીશ પર મૂકવી. તેના પર ક્લોજી ભભરાવી ઑવનમાં બેક કરવી. બેક થઈ જાય ત્યારે માખણ લગાડી પીરસવું. નાન ગરમ તવા પર પણ બનાવી શકાય. હાથથી નાન બનાવી ગરમ તવા પર મૂકી ઢાંકણ ઢાંકી ૫ મિનિટ રાખવું. ત્યારબાદ ઢાંકણ ખોલી નાન પલટાવવી. ફરી ઢાંકણ ઢાંકી નાન ગુલાબી થવા દેવા. ઘી અથવા માખણ લગાડી પીરસવા.

***સુધા એ. બુધ્ધભટ્ટી - ભુજ***

## મલાઈ કોફ્તા

***સામગ્રી :*** બાફેલા બટાટાનો માવો, લીલા મરચાની પેસ્ટ, લીલા ધાણા, લાલ મરચું, હળદર, મીઠું, ટમેટાની ગ્રેવી, ૧ વાટકી મલાઈ, લીલા મરચા, તળવા માટે તેલ, ચણાનો લોટ.

***રીત :*** સૌપ્રથમ બટેટાના માવામાં લીલા મરચાની પેસ્ટ, લીલા ધાણા, લાલ મરચું, હળદર, મીઠું, ચણાનો લોટ (૨ ચમચી) મિક્સ કરી ગોળા બનાવવા. ગોળા બનાવતી વખતે વચ્ચે ૧ ચપટી મલાઈ વચ્ચે નાખી ગોળા બનાવવા. પછી તેલમાં તળી લેવા.

***ગ્રેવી :*** ગ્રેવીમાં ટમેટાના કટકા અને લીલા મરચા અને ૧ વાટકી મલાઈ પીસી નાખવી. પછી તેલ ગરમ કરી આ ગ્રેવી અંદર મૂકવી. પછી હળદર, મીઠું, લાલ મરચું અને લીલા ધાણા નાખવા. તેલ ચઢી આવે ત્યાં સુધી ગ્રેવીને ઉકાળવી.

***સર્વિંગ :*** કોફ્તા ઉપર ગરમાગરમ ગ્રેવી મૂકવી અને એના ઉપર લીલા ધાણા અને મલાઈ રાખવી.

## મિક્સ વેજીટેબલ એન્ડ કોર્ન ક્રોક્યુએટ્સ

***સામગ્રી :*** ૧ કટોરી બધા જ શાકભાજી બાફેલા, ૧ વાટકી બાફેલા કોર્ન, ૧ ચમચી સેલરી, ૨ ચમચી છીણેલું ચીઝ, ૧ વાટકી મેંદો, મીઠું સ્વાદાનુસાર, ૧ વાટકી બાફેલા ભાત, ૧ વાટકી બ્રેડ ક્રમ્બ્સ અને તળવા માટે તેલ.

***રીત :*** બધા જ શાકભાજી, ભાત, કોર્ન, ચીઝ, મીઠું, સેલરીને મિક્સ કરી સારી રીતે ગુંદી લેવું. પછી મનચાહે આકારથી રોલ બનાવી મેંદાના ખીરામાં બોળી, પછી બ્રેડ ક્રમ્સ લગાડી તળી લેવા.

## પાપડી ચાટ

***સામગ્રી :*** ૧ વાટકી મેંદો, અડધી વાટકી સુજી, ૨ મોટા ચમચા ચેલ, ૧ ચપટી સોડા, મીઠું સ્વાદાનુસાર, તળવા માટે તેલ.

***ચાટ માટે :*** ૧ કટોરી ઘાટું દહીં, ૧ વાટકી આમલીની ચટણી, બાફેલા ૪ બટેટા, ૧ ચમચી જીરૂં પાવડર, ૧ ચમચી લાલ મરચું, ૧ ચમચી ચાટ મસાલો અને દાડમના દાણા, સેવ.

રીત : મેંદો, સુજી, મીઠું, ચપટી સોડા - આ બધાને છાણી લેવું. પછી તેલનું મોણ નાખી પાણીથી લોટ બાંધી દેવો. પછી એ લોટને અડધા કલાક ઢાંકીને રાખી દેવો. પછી લોટનો લૂઓ લઈ રોટલી કરી અને ગોળ કટરથી પાપડી કાપી લઈ અને ગરમ તેલમાં તળી લેવું. પછી ચાટ તૈયાર કરવા માટે પાપડીને ચટણી પછી દહીં ડૂબાડી પ્લેટમાં રાખવી. પછી એ જ પાપડી ઉપર દહીં, ચટણી, બાફેલા બટેકા, જીરૂં પાવડર, લાલ મરચું, ચાટ મસાલો, દાડમના દાણા અને સેવ ભભરાવી સર્વ કરવું.

## ચીલ્ડ ટોમેટો એન્ડ ઓરેન્જ જ્યુસ

***સામગ્રી :*** અડધો ગ્લાસ સંતરાનો રસ, અડધી વાટકી પીસેલો બરફ, અડધી વાટકી ટમેટાનો રસ, ૧ ચમચી ખાંડ, નમક સ્વાદાનુસાર, થોડાક ફુદીનાના પત્તા, ૧ ચમચી ક્રીમ.

***રીત :*** ક્રીમ અને ફુદીનાના પત્તાને મૂકી બાકી બધી જ સામગ્રીને હલાવી લેવી. પછી તેને છાણીને ગ્લાસમાં મૂકવું. ઉપરથી ક્રીમ અને ફુદીનાના પત્તાથી સજાવી સર્વ કરવું.

***વિદુલા કાંતિલાલ કટ્ટા***

**ભોજન શરીર માટે છે, શરીર માત્ર ભોજન માટે નથી જ.**

# વેકેશન વિનાશક વિડીયો ગેમ્સ

• જયેશ ઘડીયાલી •



વેકેશન એટલે (An extended period of Recreation) કશુંક નવું કરવાનો લાંબો સમયગાળો. સમર વેકેશન આપણને વિદેશી શાસનની વિરાસત છે. સૌને પ્રિય છે. અને એટલે જ સમગ્ર ભારતમાં એ લગભગ એક જ સમયે સ્કુલ - કોલેજોના સત્રો પૂરા થાય છે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ સૌ કોઈ હાશ અનુભવે છે. દરેક પરિવાર પોતાની ક્ષમતા અને રૂચિ અનુરૂપ વેકેશનનો ઉપયોગ કરે છે. આર્થિક રીતે સક્ષમ પરિવાર ફરવા જાય છે. પરિવારના બાળકો એમની પ્રિય રમતોને યાદ કરે છે. પરંતુ આજની ઉગતી પેઢી જે 'રમત' પ્રત્યે સૌથી વધુ આકર્ષાય છે, તે છે, 'જિજ્ઞાસા પ્રેરક વિડીયો ગેઈમ્સ.' બાળકોને એ ખૂબ જ ગમે છે. નવી ટેક્નોલોજી શીખવા કે સમજવા પૂરતી આ જીજ્ઞાસા સારી છે પરંતુ એને પરિણામે થતી વિકૃતિઓની બાળકોને ખબર નથી. બાળકોને આ સમજણ એમના વાલીઓએ આપવી જરૂરી છે. બાળકોને ભણતરની સાથે સાથે ભારતીય રમતોનું જ્ઞાન પણ આપવું જોઈએ. સપ્તાહમાં એકવાર પણ આપણા બાળક સાથે ઘરમાં કે મેદાનમાં રમવું જોઈએ. આધુનિક ટેક્નોલોજીની દેન સમી વિડીયો ગેઈમ્સ જેવી આભાસી રમતો સામે આપણી પરંપરાગત રમતો કેટલી નિર્દોષ છતાં મનોરંજક છે તેનો ખ્યાલ આપવા નીચેના મુદ્દાઓ બાળકોને સમજાવવા આવશ્યક છે.

### વારસાગત ભારતીય રમતો

૧. રમત માટે ખુલ્લું રમણીય વાતાવરણથી બળકો પ્રફુલ્લિત રહે છે.

૨. સ્વાસ્થ્યપ્રદ અખૂટ પ્રાણવાયુ મળે છે.

૩. નજીવો ખર્ચ થાય છે.

૪. શરીરને કસરત મળે છે. બાંધો મજબૂત થાય છે.

૫. એકથી વધારે ખેલાડીઓ સાથે રમવાથી ખેલ ભાવના વિકસે છે. અરસપરસ વિશ્વાસ વધે છે.

૬. માનસિક વિકૃતિઓ પેદા કરે તેવી કે હિંસકવૃત્તિ જન્મવાની કોઈ શક્યતા નથી.

૭. સારા રમતવીરને ચંદ્રકો મળે છે. સારી નોકરીની તકો મળે છે.

૮. અત્યંત મહત્ત્વની વાત રમતનું મહત્ત્વ ફક્ત મેદાનમાં જ હોય છે. અનેક સ્પર્ધાઓ અને વર્લ્ડકપ યોજાય છે.

### આધુનિક ટેક્નોલોજીની વિડીયો રમતો

૧. રમત માટે અંધારામાં તીવ્ર પ્રકાશથી આંખો ખેંચાય અને માનસિક તાણ અનુભવે છે.

૨. રૂમમા બેસી રહેવાથી ઝેરી કાર્બન ડાયોક્સાઈડ શ્વાસમાં જાય છે.

૩. રમતો માટેના કાર્ડ વિ. માટે ખૂબ ખર્ચ થાય છે.

૪. બેઠા બેઠા કાંઈ પણ ખાવાની વૃત્તિ વધે છે. શરીર સ્થૂળ થતું જાય છે.

૫. એકલવાયું અને શંકાશીલ માનસ થઈ જાય છે. સ્વભાવ ચિડીયો અને ગુન્હાખોર થાય છે.

૬. મગજ રમતનું ગુલામ થઈ જાય છે.

૭. વિડીયો રમતવીર નથી બનતા, ચંદ્રકો નથી મળતા. માટે એની પ્રવીણતાનો કોઈ ઉપયોગ નથી.

૮. આનું મહત્ત્વ ફક્ત રૂમ પૂરતું છે. એનો કોઈ વર્લ્ડકપ હજુ સુધી યોજાયો નથી.

---

વિદેશી કંપનીઓ આવી રમતોનું બજાર ઊભું કરવા બાળકોની લાગણીઓને ઉશ્કેરે છે. તેઓની ફોર્મ્યુલા એવી હોય છે કે એક જ વસ્તુમાંથી વારંવાર પૈસા કેવી રીતે કમાવવા. આની અસરથી દવા બનાવનારી કંપનીઓને પણ ફાયદો થાય છે. આપણે સૌ સજાગ થઈએ. બાળકોને રમતગમતના સાધનો અપાવો. પોતે જ્યારે બાળકની ઉંમરના હતા ત્યારે કેવી સુંદર રમતો રમતા હતા તેની વાતો કરીને પ્રોત્સાહન આપો. બાળક મેદાનમાં રમવા જાય ત્યારે તેને માટીમાં રમવા દો, ગંદુ થવા દો. વાગે તો બહુ લાગણી ના બતાવો. આવી પ્રવૃત્તિથી બાળકનું મનોબળ વધે છે તથા સ્વરક્ષણની કુદરતી શક્તિઓનો વિકાસ થાય છે.

લાંબાગાળે વિડીયો ગેમથી આંગળીઓ, કાંડા જકડાઈ જાય છે. પગની રૂધિરાભિસરણની ક્રિયા ધીમી પડે છે. જેથી

હૃદયને લોહી પહોંચાડવામાં પુષ્કળ શ્રમ પડે છે. નાની ઉંમરમાં હૃદયરોગ લાગુ પડે છે.

આપના બાળકોને પૂછો કે આપણી વારસાગત રમતો કઈ છે? નીચેમાંથી જે કોઈ દેશી રમતની એને ખબર હોય તેની આગળ ✓ નું નિશાન કરે.

**વારસાગત રમતો**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ચોપાટ, ચેસ | ☐ | કોડી | ☐ | લખોટી | ☐ | સંતાકુકડી | ☐ |
| ગંજીફા (પત્તા) | ☐ | ભમરડા | ☐ | વેપાર | ☐ | કોચમડી | ☐ |
| સાતોલીયું | ☐ | દોરડા ખેંચ | ☐ | સંગીત ખુરશી | ☐ | કબ્બડી | ☐ |
| મલ્લ કુસ્તી | ☐ | ખો ખો | ☐ | ગિલ્લી દંડા | ☐ | લખોટી | ☐ |
| હોકી | ☐ | પોલો | ☐ | | | | |



હવે તો ગામડાઓમાં પણ ક્રિકેટ, ફુટબોલ, વોલીબોલ જેવી રમતો લોકપ્રિય થઈ ગઈ છે. વાલીઓનું એ કર્તવ્ય છે કે બાળકોને આવી રમતો માટે પ્રોત્સાહિત કરી, એમને વિડીયો ગેમ્સથી દૂર રાખવાના પ્રયાસ કરે.



# સમયનો સદુપયોગ : મહિલાઓને ઉપયોગી વિવિધ વ્યવસાયીક તાલીમ

• સુધા એ. બુધ્ધભટ્ટી - ભુજ •

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા વિભાગની સ્થાપના ૧૯૯૪માં કરવામાં આવેલ. ત્યારથી આજપર્યંત અનેક સાંસ્કૃતિક રચનાત્મક પ્રવૃત્તિઓ કરવામાં આવેલ છે.

બહેનો ઘરકામ કરે, બાળકો સંભાળે અને સાથે સાથે નવું શીખવાની, પ્રવૃત્તિમય રહેવાની ઈચ્છા પણ રાખે તે સ્વાભાવિક છે. બહેનો માટે સૌથી અગત્યની વસ્તુ હોય તો તે છે રસોઈકળા. એના વિષે આપને 'ભાવતાં ભોજન' કોલમમાં માહિતી મળી રહેશે.

ચાલો, આજે આપણે એવી પ્રવૃત્તિઓ - કલાઓ જેવી કે સીલાઈકામ, કુકીંગ, પેઈન્ટીંગ, જરદોશી વર્ક, ટેટીંગ, બ્યુટીકોર્ષ, પરફ્યુમ મેકીંગ, પર્લ્સ ઓર્નામેન્ટ, મડવર્ક વિ. પ્રવૃત્તિઓ વિશે ટૂંકમાં માહિતી મેળવીએ.

આવી અનેક અનેરી તાલીમ મહિલા વિભાગે યોજી ઘણી બહેનોને રોજગારી આપી છે. આજના યુગમાં બહેનો સ્વરોજગારી મેળવી આત્મનિર્ભર બને તે ખૂબ જરૂરી છે. અને તે માટે મહિલા વિભાગ સક્ષમ રહે છે.

ત્યારબાદ સીલાઈકામ. એ પણ બહેનો માટે અગત્યનું છે. ઘેરબેઠા સીલાઈ મશીન વસાવી ફોલ બીડીંગ તેમજ કાપડની સીલાઈને નવું સ્વરૂપ આપી શકે છે. હાલમાં 'ફેશન ડિઝાઈનીંગ'નો કોર્સ કરી બહેનો 'બુટીક' ખોલી આત્મનિર્ભર બની શકે છે. આવા કોર્સની તાલીમ ૪ મહિનાથી ૧૨ મહિના સુધી આપવામાં આવે છે. જેનો અંદાજીત ખર્ચ રૂા. ૫૦૦/- થી રૂા. ૩,૦૦૦/- સુધીનો થાય છે. આજે આપણે ગર્વથી કહી શકીએ કે મહિલા વિભાગની સ્થાપના પહેલાં પણ બહેનોને આર્થિક રીતે સભર થવા સીલાઈ મશીનો, નીટીંગ મશીન વિ. આપણને જ્ઞાતિ દાતાઓ તરફથી મળ્યા છે. જેનો આજે પણ ઉપયોગ કરી શકીએ. સીલાઈકામની સાથે સાથે ભરત ગૂંથણનું મહત્ત્વ પણ ખૂબ જ વધ્યું છે જેમાં એમ્બ્રોયડરી હેન્ડવર્ક, ટેટીંગ (જેનું શટલ દ્વારા સાડીની બોર્ડર, પેચ, રૂમાલ વગેરે બનાવવામાં આવે છે), જરદોશી વર્ક કે જેમાં વિવિધ જાતના સૂરમાને કટીંગ કરી અનેરી ડિઝાઈનો ઉપસાવવામાં આવે છે. સુરમા સાથે ટીકી-કુંદન દોરાનો ઉપયોગ કરવામાં આવે છે. આ વર્કનો ઉપયોગ સાડી, ડ્રેસ તેમજ રૂમાલમાં કરી વિશેષ કમાણી કરી શકાય છે. આવા ક્લાસીસની તાલીમ ૮ દિવસથી ૧ મહિનાની હોય છે. તાલીમ ખર્ચ ટ્રેનીંગના પ્રકાર મુજબ હોય છે.

આધુનિક યુગમાં કેટલીક એવી તાલીમો પણ આપવામાં આવે છે કે જેમાં બહેનો શોખની સાથે એમના વ્યક્તિત્વને નવો ઑપ આપી શકે છે. એમાંની એક છે, 'પર્લ્સ ઓર્નામેન્ટ્સ'. મોતીકામના નિષ્ણાત નયનાબેન બુધ્ધભટ્ટીના મતાનુસાર બહેનો ભલે ઈમિટેશન જ્વેલરી કે ડાયમંડના ઘરેણાની પાછળ ઘેલી હોય પરંતુ મોતીએ પણ આ જ સુધી તેની મહત્તા જાળવી રાખી છે. આ તાલીમમાં વિવિધ જાતના ઓર્નામેન્ટ્સ જેવા કે નેકલેસ, બુટ્ટી, બંગડી, પાયલ, બ્રેસલેટ વગેરે.... તાલીમ ૮થી ૧૫ દિવસ માટે આપવામાં આવે છે. જેનો અંદાજીત ખર્ચ ૧૫૦થી ૩૦૦ સુધીનો થાય છે. તાલીમ બાદ બહેનો આવા ઓર્નામેન્ટને રીપેર કરી તેનું નવું સ્વરૂપ આપી શકે છે. તેમજ થોડું ઈન્વેસ્ટમેન્ટ કરી સેટોનું વેચાણ કરી શકે છે.

દરેક મહિલા ઈચ્છે છે કે તે સુંદર દેખાય અને આ સુંદરતાને નિખારવાનું કામ કરે છે 'બ્યુટી પાર્લર'ની તાલીમ. આ તાલીમમાં મહેંદી, બ્લીચ, ફેસીયલ, મેનીક્યોર, પેડી ક્યોર, દુલ્હન મેક-અપ, થ્રેડીંગ, હેર કટીંગ, હેર સ્ટાઈલ વગેરે શીખવવામાં આવે છે. આ કોર્સની તાલીમ ૧૫ દિવસથી ૧ મહિના માટે વિવિધ સ્વરૂપોને લક્ષમાં લઈને આપવામાં આવે છે. જેનો અંદાજીત ખર્ચ વિવિધ લક્ષો પર ડિપેન્ડ કરે છે. સુંદરતાની સાથે સાથે સુગંધિત વાતાવરણમાં, સુગંધિત જીવન કોને ના ગમે? મહિલા વિભાગ પરફ્યુમ બનાવવાની તાલીમ પણ આપે છે. બજારમાં મળતા પરફ્યુમ કરતાં આ પરફ્યુમ પ્રમાણમાં ખૂબ જ સસ્તા પડે છે. જેમાં મુખ્ય મિથેનોલ, અત્તર અને વ્હાઈટ-મસ્ક (જે સુગંધને લાંબા સમય સુધી જાળવી રાખે છે)નો વ્યવસ્થિત માપ પ્રમાણે મિક્સ કરી આ મિશ્રણને ફરીથી ઉપયોગ કરી શકાય તેવી બોટલમાં ભરવામાં આવે છે. ફક્ત તેનું મિશ્રણ કેટલું અને કેવી રીતે કરવું તેની તાલીમ ૧ દિવસ માટે આપવામાં આવે છે. તાલીમ ખર્ચ અંદાજીત રૂા. ૫૦/- થાય છે. વિવિધ અત્તરો દ્વારા પરફ્યુમ, બોડી સ્પ્રે, રૂમ સ્પ્રે જેવા વિવિધ પરફ્યુમ બનાવવાનું શીખવવામાં આવે છે.

તદુપરાંત પેઈન્ટીંગની તાલીમમાં ફેબ્રિક પેઈન્ટીંગ, ઓઈલ પેઈન્ટ, નીબ, ચારકોલ, ગ્લાસ પેઈન્ટીંગ જેવા વિવિધ પ્રકારના પેઈન્ટીંગ્સ શીખવવામાં આવે છે. જેનો અંદાજીત ખર્ચ તેમજ સમય પેઈન્ટીંગના વિવિધ સ્વરૂપો પર નિર્ભર છે. પેઈન્ટીંગની સાથે સાથે જેનું નામ વણાયેલું છે તે છે 'મડવર્ક ક્લાસ' જેમાં વિવિધ જાતની ફ્રેમો, પોટ, દીવાલ પર વર્કની તાલીમ આપવામાં આવે છે. જેથી ઘરે બેઠા ફ્રેમો બનાવી તેનું એક્ઝીબિશન ગોઠવી, ફ્રેમોનું વેચાણ કરી વિશેષ કમાણી કરતી બહેનો આપણી જ્ઞાતિમાં છે. જે આપણા માટે ગર્વની વાત છે. આ તાલીમનો ખર્ચ તેમજ સમય ફ્રેમના સ્વરૂપ પર આધાર રાખે છે. આજના કોમ્પ્યુટર યુગમાં બહેનો કોમ્પ્યુટરથી વિમુખ ન રહે તે માટે એનું નોલેજ પણ આપણી જ્ઞાતિમાં આપવામાં આવે છે. આ ઉપરાંત 'વેસ્ટમાંથી બેસ્ટ', 'સુતલી વર્ક', સોફ્ટ ટોયઝ, આરતી ડેકોરેશન જેવી અનેક વ્યવસાયલક્ષી કળા માટે તાલીમ, સમયને લક્ષમાં લઈને આપવામાં આવે છે.

# પર્યટન

## યાત્રા પ્રવાસ

### પિંગલેશ્વર મહાદેવ

શ્રી પિંગલેશ્વર દરીયાકાંઠાનું એક રમણીય સ્થળ છે. નલીયા - કોઠારા સિવાય આખા અબડાસા સહિતના આજુબાજુના નજીકના ગામોમાં આ સ્થાન પ્રત્યે ભક્તિભાવ જોવા મળે છે અને હવે તો ત્યાં ઘણીબધી સગવડતાઓ રહેવાની / જમવાની થવાથી આખા કચ્છનું ધ્યાન પણ આ સ્થાન પર ખેંચાયેલું છે.

કચ્છના યાત્રા પ્રવાસે આવતા યાત્રાળુઓ તથા ટુરીસ્ટ વ્હીકલ પણ આ ધામ તરફ ખાસ જાય છે. જ્યાં નાગજી દશનામીઓએ સારી એવી પ્રતિષ્ઠા જમાવી છે અને જમાવતા જાય છે અને એ જમાતોની યુગની યાદ તાજી કરાવી જાય છે.

શ્રી પિંગલેશ્વરનો ઘૂઘવતો દરિયો, ખુલ્લો દરિયાકાંઠો પોરબંદર નજીકના હર્ષદ માતાજીના ઘૂઘવાતા સાગરની ઝાંખી કરાવે છે. રાત્રે આ જગ્યા પર રાતવાસો કરતા દૂરથી સાગરનો અવાજ સ્પષ્ટ સંભળાય છે.

નલીયાથી થોડે દૂર પશ્ચિમ દિશામાં આવતી ખારી નદી વડસર પાસે મીઠી નદીને મળે છે. ત્યાં જ થોડે દૂર ટેકરી ઉપર 'અબડા અડભંગ'નું સ્થાન છે. ફાગણ સુદ પૂનમની રાત્રીએ એટલે કે હોડીના દિવસે તથા પડવાના એટલે કે ફાગણ વદ-૧ ના દિવસે સવારે અહીં મેળો ભરાય છે. અને અબડાના વંશજો ઉપરાંત આખા અબડાસાના રાજપૂતો અને અન્ય પ્રજા અહીં ઉમટી પડે છે. નલીયાના લોહાર જ્ઞાતિના દંપતિ અબડાની સમાધિ પર છેડા છેડી છોડે છે અને પડવાના દિવસે નાતસહિત મેળો પૂરો કર્યા પછી જ પોતાની દુકાન ખોલે છે એવી રસમ છે.

પિંગલેશ્વર મહાદેવમાં શંકર ભગવાનનું ભવ્ય મંદિર તથા સમુદ્ર કાંઠો સહેલાણીઓ માટે સારો છે. ભુજથી ૧૧૦ કિ.મી. તથા કોઠારાથી ૨૨ કિ.મી. થાય છે. ભૂકંપ પછી અહીંના પીંગલેશ્વર જવા માટે નવા રોડ બની ગયા છે. અહીં રહેવાની તથા જમવાની ઉત્તમ સગવડ છે. નજીકનું રેલ્વે સ્ટેશન ભુજ છે તથા એરપોર્ટ પણ ભુજ છે.

***દિનેશ પોમલ - અંજાર (૯૮૨૫૮ ૩૭૮૦૦)***

*વર્ષમાં એક વખત પ્રવાસ – પૂરા પરિવાર માટે ખૂબ જ ઉપયોગી પ્રવૃત્તિ છે. જો એ પ્રથમથી જ વ્યવસ્થિત ગોઠવણી કરી હોય. જેમાં નીચેની બાબતો મહત્વની છે : (૧) ખર્ચની વ્યવસ્થા બની શકે તો દરરોજના કોઈક પણ ફાલતુ ખર્ચ જેમાં સિનેમા, ભેળપુરી, નાસ્તા કે બીજા ખર્ચમાંથી થોડું દરરોજ બચાવી, અલગ રાખી, વર્ષાંતે જોશો તો સારી એવી રકમ હાથમાં હશે. (૨) પ્રવાસ સ્થળ ચયન, (૩) આગોતરૂં રીઝર્વેશન. બસ બાકી બધું વિચારી લેશો.*

# સ્વ. ઠાકરશીભાઈ જન્મ શતાબ્દિ

## એમના પરિવાર વિષે પૂરક માહિતી

ગત અંકમાં આપણી જ્ઞાતિના, ગત પેઢીની એક સર્વ સન્માનીય વ્યક્તિનો આછો પરિચય, એમની જન્મ શતાબ્દી સંદર્ભે હતો. એક ઈમાનદાર ન્યાયાધીશ અને સમર્થ સાહિત્યકાર / ઇતિહાસકાર અને ઉમદા ઈન્સાન તરીકે એમની સારી એવી નામના હતી. ગત અંકનો લેખ અમદાવાદથી પ્રકાશિત 'કચ્છશ્રુતિ' સામયિકમાંથી લીધેલો. એના લેખકશ્રીને જે પરિચય હતો તે એમણે આપેલો. પરિણામે પારિવારિક માહિતી અધૂરી હતી, જે અત્રે આપવામાં આવી છે. શ્રી ઠાકરશીભાઈના પરિવારમાં કુલ આઠ સંતાનોમાં ચાર પુત્રો અને ચાર પુત્રીઓ હતી. એમના જયેષ્ઠ પુત્ર હંસરાજભાઈ ઉપરાંત ત્રણ ભાઈઓ સ્વ. રમેશચંદ્ર, શ્રી રાજેન્દ્રભાઈ અને શ્રી અરૂણકુમાર છે. શ્રી રમેશચંદ્રનું ગત વર્ષે અવસાન થયું. એમના બે પુત્રો દીપક અને સમીર ભુજમાં છે. સમસ્ત પરિવાર ટેક્સ કન્સલ્ટન્સી તેમજ તે અંગેની શૈક્ષણિક પ્રવૃત્તિઓ ચલાવે છે. શ્રી સમીર, મહામંડળના સ્થાપક સભ્યોમાંના એક છે. બીજા પુત્ર રાજેન્દ્ર અંજારમાં છે. તેઓશ્રી એમના એક પુત્ર સાથે એકાઉન્ટ્સ ઓફિસ ચલાવે છે. એમના બીજા પુત્ર શ્રી વિમલ, અંજારમાં વકીલાત કરે છે.

સ્વ. ઠાકરશીભાઈના સૌથી નાના પુત્ર અરૂણકુમાર આપણી જ્ઞાતિના સર્વપ્રથમ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. તેઓશ્રી ઈફકોમાં ડેપ્યુટી જનરલ મેનેજરપદે છે. ગાંધીધામ આદિપુરમાં આપણી જ્ઞાતિનું સંગઠન, એમના માતુશ્રીના નામનું મેડિકલ ટ્રસ્ટ અને મહિલા વિકાસ સંગઠન તેમજ બીજી અનેક સામાજીક વિકાસ પ્રવૃત્તિઓના, તેઓશ્રી મુખ્ય પ્રેરક છે. હાલે તેઓ ઓરીસ્સામાં છે.

સ્વ. ઠાકરશીભાઈના સૌથી મોટા પુત્રી સ્વ. જયાબેન. તસવીર કલામાં દેશ વિદેશમાં ખ્યાતિપ્રાપ્ત સ્વ. એલ. એમ. પોમલનાં ધર્મપત્ની હતા. બીજા બેન કંકુબેન, અમદાવાદમાં આપણી જ્ઞાતિના એક શાંત કાર્યકર એવા શ્રી હર્ષદકુમાર બુધ્ધભટ્ટીના માતુશ્રી થાય. એમના ત્રીજા દીકરી ઈંદીરાબેન, અંજારમાં રહે છે. નિવૃત્ત છતાં કુશળ શિક્ષિકા તરીકે અંજારમાં એમની પ્રતિષ્ઠા છે. ચોથા દીકરી, સૌ. નિર્મળાબેન રાજકોટ છે. એમના પતિ શ્રી બિહારીલાલ બુધ્ધભટ્ટી બેંકમાં ઉચ્ચપદેથી નિવૃત્ત થયા. બાદમાં દંપતિ સંપૂર્ણતઃ સ્વાધ્યાય પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે.

પૂ. ઠાકરશીભાઈના પરિવારનો પૂરો પરિચય આપવાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે, આપણી જ્ઞાતિમાં જ્યારે શિક્ષણ નહિંવત્ હતું ત્યારે, એક દીર્ઘદ્રષ્ટા વ્યક્તિએ (પૂ. ઠાકરશીભાઈના પિતાશ્રી પુરૂષોત્તમભાઈ) પોતે અભણ છતાં, પુત્રને મજૂરી કરીને પણ શિક્ષણ અપાવ્યું. પરિણામે એક - બે નહીં, ત્રણ ત્રણ પેઢી અને હજી આગળની પેઢી પણ, સંસ્કારી અને સમૃધ્ધ થઈ. આ છે, શિક્ષણનું મહત્ત્વ. ઘરમાં એક પણ વ્યક્તિ જો શિક્ષિત હોય તો સમસ્ત પરિવારની દૃષ્ટિમાં આમૂલ પરિવર્તન આવી જાય છે તેનું આ સબળ દૃષ્ટાંત છે.

***– અતુલ સોની***

# આપણી કુટેવો

• કુ. વિદુલા કાંતિલાલ કટ્ટા - આદિપુર •

આપણી જ્ઞાતિના લોકો પરંપરાગત પેઢી દર પેઢી ટેકનીકલ તેમજ કલાત્મક દૃષ્ટિમાં સહેજે કુશળ હોય છે. પરંતુ કંઈક આપણી લાપરવાહી, થોડી કુટેવો અને શિક્ષણના અભાવને પરિણામે આપણે આપણી કુશળતાનો સમયને અનુરૂપ વિકાસ કરી શક્યા નથી. આપણી જ્ઞાતિમાં પ્રવર્તમાન દારૂ, જુગાર, સટ્ટાની બદીના કારણે આપણી તેજસ્વીતા ગુમાવી રહ્યા છીએ, આર્થિક રીતે બરબાદ થઈ રહ્યા છીએ. આપણા જ્ઞાતિ ભાઈઓ પછાત પડતા જાય છે. આપણી જ્ઞાતિનું યુવાધન વેડફાઈ રહ્યું છે. કેટલાક અચાનક પૈસાદાર થઈ જતા યુવાનો દારૂ જુગારને આધુનિકતાનું આભૂષણ માને છે. જેની આર્થિક અને માનસિક અસર આપણી પછીની પેઢીને ભોગવવી પડશે. આજના સ્પર્ધાત્મક સમયમાં તેઓ પછાત રહી જશે.

આપણે આભૂષણો બનાવીને બીજાઓની શોભા વધારી રહ્યા છીએ. પરંતુ જુગારના દૂષણને આભૂષણ માની આપણી જાતને છેતરી રહ્યા છીએ. જુગારને સમય પસાર કરવાનું, મનોરંજનનું સાધન માનીએ છીએ પરંતુ ધીરેધીરે, જુગાર ઘરની બરબાદી નોતરે છે.

હવે તો ફાસ્ટ ફુડ, ફાસ્ટ લાઈફ અને ફાસ્ટ ધન કમાવવાની લાલચના કારણે સટ્ટાની લત લાગી છે. આપણા અમુક જ્ઞાતિબંધુ ઓછા સમયમાં ધન કમાવવાની લાલચના કારણે સટ્ટા દ્વારા બધું ખોઈ નાખે છે. સટ્ટાને ધંધો સમજવાની આપણે ભૂલ કરી રહ્યા છીએ.

આ કુટેવોથી બહાર કેવી રીતે આવી શકાય? આપણે આપણા ધંધાને વફાદાર બની કામ કરવાનું છે. આપણા બાળકોને શિક્ષણમાં વધુ રૂચિ લે તેવા પ્રયત્નો કરવા જોઈએ. આધુનિક યુગમાં આધુનિક શિક્ષા પ્રાપ્ત કરવી જોઈએ. આપણા સંસ્કાર આપણા પરિવારને જોડવાના પ્રયત્નો કરવા જોઈએ. આધ્યાત્મિક જ્ઞાનથી ધાર્મિક ભાવના પેદા કરવી જોઈએ.

સમય સાથે, વાતાવરણ સાથે અનુકૂળ થવા માટે આધુનિક વિચારો ગ્રહણ કરવા જોઈએ તે જરૂરી છે. વ્યક્તિ સુધારે પોતાની જાતને, પરિવાર સુધરી જશે. પરિવાર સુધરશે તો આપણો સમાજ સુધરશે. આપણી ભાવના જોડવાની હોય, નહીં કે તોડવાની. સમય પરિવર્તનશીલ છે. સમયની સાથે કદમના તાલ મળે તો જીવન સાર્થક થાય.

ઉપરોક્ત લેખમાં જાણે-અજાણે કોઈ અનાદરયુક્ત શબ્દો મૂકાઈ ગયા હોય તો ક્ષમા કરશો. મારો આપણી જ્ઞાતિના વડીલોને એક નમ્ર પ્રશ્ન છે કે આપ સહુ કેમ આવી બાબતોમાં કંઈ બોલતા નથી? આપની ફરજ છે. મને કોઈ પ્રસંગે તક મળશે તો આ બધી વાતો બધાની હાજરીમાં કહેવી છે. જ્ઞાતિ માટે એક એવો નિયમ, જો બને કે આપણી જ્ઞાતિના સંતાન, બને ત્યાં સુધી જ્ઞાતિમાં જ લગ્નસંબંધ થાય તો આપણે આપણા મૂળ સંસ્કાર જળવાઈ રહે. આ બંને બાબતે હું કોશિશ કરીશ. મને ફક્ત જ્ઞાતિના વડીલોના આશિર્વાદ અને સાથ-સહકારની જરૂર છે.

## હાસ્યગીત

*(રાગ : બા, બહુ, બેબી)*

હે રસોઈના રાજા ને બટેટાના બેટા,
ડુંગળીના દાદા અલ્યા દૂધીના થરપાર
હો, મારી વાતો સાંભળો....
શાક અને રોટલી તો યાત્રાએ જાય
એક હતી દાળ અને બીજા ગળ્યા ભાત
હો, મારી વાતો સાંભળો....
કોબી દેખી ભીંડા એની પાછળ પાછળ જાય,
મારી નાખી કોથમીરને, મરચા તીખા ખાય
હો, મારી વાતો સાંભળો...
લાંબુ લાંબુ રીંગણું ને વચમાં છે બી
લાડવાની પાછળ પડ્યું વેજીટેબલ ઘી
હો, મારી વાતો સાંભળો...
લીલુંડા છે ગલકા ન હાથમાં હળદર,
કારેલાની વાંહે પડી સરગવાની સીંગ
હો, મારી વાતો સાંભળો...
ભાગ ભાગ કારેલા તું કેટલે સુધી જઈશ,
તેલમાં તને ભુંજી, હું પેટ ભરીને ખાઈશ.
હો, મારી વાતો સાંભળો....
ઊભા ઊભા કારેલા કરે છે પોકાર
પાણી પીતી પાલકને કાને ગયો અવાજ,
હો, મારી વાતો સાંભળો....

***માનસી કોટડીયા - માંડવી***

**નેત્ર-સ્વાસ્થ્ય માટે બાલ્યાવસ્થામાં જ વિટામિન-એ યુક્ત પદાર્થોનું ઉચિત સેવન આવશ્યક છે. વિટામિન-એ યુક્ત વસ્તુઓમાં બધી જ લીલી ભાજી જેમ કે કોથમીર, તાંદળજો, મેથી ઇત્યાદિ બધા જ પીળા શાક જેમ કે કોળું અને ફળોમાં પપૈયું શ્રેષ્ઠ છે. સરગવાની સીંગ પણ વિટામિન 'એ'નો સારો સ્રોત છે.**

# કાવ્યો

## તમારી યાદ આવે છે

મારું જ હૃદય મારી સામે,
ફરિયાદ કરતું આવે છે.
ગમે ત્યાં જઈ ચડું તો પણ,
તમારી યાદ આવે છે.
તમે આવો, તો સાથે સાથે,
બાગ બહાર આવે
તમારી વિદાયની સાથે જ,
અમનમાં પતઝડ આવે છે.
ઉઘાડી આંખે પણ દીદાર,
તમારા નજરની સામે આવે છે.
મીચું જો આંખ રાતે તો,
સ્વપ્ના વારંવાર આવે છે.
અરે! આ કોણ હાથ હલાવી,
દૂરથી મુજને બોલાવે છે?
નથી કોઈ રણ અહીંયા તો,
પણ કાં મૃગજળ લલચાવે છે?
નથી ડર મોતનો રહ્યો,
તમારો પ્યાર બેફીકર મુજને બનાવે છે,
ફર્ક શું સ્વર્ગ કે નર્કનો,
ગમે ત્યાં તમારી યાદ આવે છે.

**શ્રીમતી નીમિષા એચ. કટ્ટા - આદિપુર**

## આજે માનવીને ફુરસદ નથી

આ જગત છે, જગતના માનવ છે
તેમાં લોકો કેવી જગ્યામાં વસ્યા છે,
યંત્રવત્ ઘડિયાળના ટકોરે સાંજને સવારે
દિનરાત એક કરીને મહેનત અને ખંતથી કામ કર્યા જ કરે છે.
આજના માનવને જમવાની ફુરસદ નથી
ઘરની, કુટુંબની વ્યક્તિ સાથે બેસીને વાત કરવાનો સમય નથી
પૈસા વધારે હોય તો નીંદર નથી
અરેરે! બિચારો માનવ
કેવી દયનીય સ્થિતિમાં જીવે છે.
કામની પાછળ વધારે કમાવવાની લાલસામાં
જમવાનુંયે ભૂલ્યો,
બીજું બધું તો જવા દો, ભગવાનનું નામ લેવાની ફુરસદ નથી
એક વખત એવો આવશે કે
માનવ પોતે જ કહેશે કે
આજે મને શ્વાસ લેવાની પણ ફુરસદ નથી.

**માલીની કાનજીભાઈ સાકરીયા - અમીરગઢ**

## ભ્રૂણ હત્યા!

કંસના ડંસથી...
થરથર કંપતી...
જીવવા ઝંખતી...
પ્રભુને પ્રાર્થતી...
અલખને આરાધતી...
ગભરુ બાળ આજ, ઉદરમાં અસ્ત પામતી...
પુતનાના પ્રહારથી...
તરફડીયા મારતી...
મુઠ્ઠીઓ વાળતી...
મૂંગી ચીસો પાડતી...
ઉના આંસુ સારતી...
માં ભગવતી સંભારતી...
ગભરુ બાળ આજ, ઉદરમાં અસ્ત પામતી....

**પી. જી. સોની 'દાસ' - ભુજ**

## સખીને....

આંખોમાં મિત ને હોઠોમાં ગીત
સખી, શીદને સતાવે તારૂં રે સ્મિત
કાજળની કોર, વળી પાંપણમાં મોર
નયનોમાં બેઠું, અષાઢી સંગીત... સખી...
કેશનો કલાપ, એક-મેકનો મિલાપ
જાણે આંબલીયે, ગ્રીષ્મ તણું ગીત... સખી...
હોઠો ગુલાબી ને શબ્દો શરાબી
યૌવનને પોકારે, શિશિરની શીત... સખી...
ગાલોમાં ખંજન ને કંગનનું સ્પંદન
જાગે છે હૈયામાં વાસંતી ગીત... સખી...

**જયશ્રી બી. પરમાર - ભુજ**

## પ્રેમની વ્યાખ્યા

હૃદયના ઊંડે ખૂણે રહે
તેનું નામ પ્રેમ.
જેમાં જાતનું ભાન ન રહે
તેનું નામ પ્રેમ.
બે તન, એક મન
તેનું નામ પ્રેમ.
ઘડીક માટે દુનિયા ભૂલાવી દે
તેનું નામ પ્રેમ.
જગત વિના પ્રેમ સૂના
પ્રેમ વિના જગત સૂનું
હે મિત! છેલ્લે એટલું કહું?
રાધા-કૃષ્ણ એટલે પ્રેમ.

**સોની જીગર હિંમતલાલ - વિથોણ**

## વેકેશન

આવ્યું રે ભાઈ આવ્યું લાંબુ વેકેશન
વેકેશનની આવી રજા ને મઝા
ભરઉનાળે ગમી રજા, મન રાજી રહે સદા,
વેકેશનની આવી રજા ને મજા.
પત્તા ને વળી લખોટીઓ નિત રમવાની,
છપ્પાની રમત રમતાં રમતાં સંતાવાની
વેકેશનની આવી રજા ને મજા.
વાર્ષિક પરીક્ષા ગઈને ચિંતા બધી ગઈ
વાંચવાની ને લખવાની માથાકુટ પણ ગઈ.
વેકેશનની આવી રજા ને મજા.
ભરબપોરે ઊંઘવાની પડતી મને ખૂબ મજા,
રસ, રોટલી ને ઢોકળા ખાવાની પડતી મજા
વેકેશનની આવી રજા ને મજા.
થોડા દિ' મામા માસીને ત્યાં જઈશું મોસાળમાં
પપ્પા મમ્મી સો જઈશું નાનકડા પ્રવાસમાં
વેકેશનની આવી રજા ને મજા.
વેકેશનમાં સમયનો સારો ઉપયોગ કરીશું
સવારના પહોરમાં આગળનો અભ્યાસ કરીશું
વેકેશનની આવી રજા ને મજા.
બાળ દોસ્તો, આ વેકેશનમાં મજા કરશોને હેં...?

**પોમલ હીનલ પ્રકાશભાઈ**

## એટલા સસ્તા ન બનો

એટલા નરમ ના થાઓ કે, લોકો તમને ખાઈ જાય
એટલા ગરમ ના થાઓ કે, લોકો તમને અડી પણ ના શકે.
એટલા સરળ ના થાઓ કે, લોકો તમને મૂરખ બનાવી શકે
એટલા અતડા પણ ના થાઓ કે, લોકો તમને મળી પણ ના શકે.
એટલા ગંભીર ના બનો કે, લોકો તમારાથી કંટાળી જાય
એટલા છીછરા પણ ના બનો કે લોકો તમને ગણકારે નહીં.
એટલા મોંઘા ના બનો કે લોકો તમને બોલાવી ના શકે
એટલા સસ્તા પણ ના થાઓ કે લોકો તમને નચાવ્યા કરે.

**સોની પ્રકાશ પી. (શંભુ) - નખત્રાણા**

દરિયા જેટલો કોર્સ છે, નદી જેટલું IMP છે.
ડોલ જેટલું પૂછાય છે, ડબલા જેટલું આવડે છે.
ટીપા જેટલા માર્ક આવે છે,
કેમ સમજાવું તમને હું કે કેમ પાસ થવાય છે!

**ગૌરવ ડી. કોટડીયા - માંડવી**

## દફ્તરનો ભાર

દફ્તર મારૂં દસ કિલોનું
ચોપડા કિલો ચાર
કંપાસ પેટી ખૂલી ગઈ
લાગી એની ધાર હવે
તો થાકી ગયા છીએ યાર.
દફ્તર મારો...
ઈતિહાસ છતો છે અંદર
ભૂગોળ છે ગોળ
ચિત્રકલાને નોટના થોથા
એમાં તો બહુ ડોર,
એમાં ક્યાં છે સાર
દફ્તર મારો...
ગણિત ખાતું માથું મારા
ભાષા જાણે ભૂત
હવે વજનથી થાકી ગયા છીએ
બંધ કરો આ તૂત.
ગાડું નાનું ને ઉલાળ
દફ્તર મારો...
ટીચ મારો લૂચો બૂચો
ઉપર જોઉં અવળું દફ્તર
તહેત કદી એ વરસાવ?
હવે ચપટીક દે પ્યાર
દફ્તર મારો...

**પાર્થ રમેશભાઈ બીજલાણી - માંડવી**


## હઝલ

(હાસ્ય + ગઝલ =હઝલ)

થયા પૈસા તો સૌના હાથ ઉઠે છે સલામોમાં,
હવે ગણના અમારી થઈ રહી છે નેક નામોમાં.
ગયો છે એક કફન માટે, ગયો બીજો કબર માટે,
મરણ ઉત્સાહપ્રેરક છે, બધા છે દોડધામમાં.
જીવન એક વ્યૂહરચના છે, ફક્ત કિસ્મતના શબ્દોથી
મુસીબત હો કે રાહત, એને માની લો ઈનામોમાં.
જગતમાં કાળાધોળાનો હવે તો રંગ જામ્યો છે,
કે લક્સ સાબુથી સીદીભાઈ નાકે છે હમામોમાં.
રહીને પીઠ પાછળ બોજ માથાનો ઉતારે છે,
નથી જે ભલભલાઓમાં, એવી ખૂબી છે હજામોમાં.
કદી સૂમસામ દિલવાળાઓ કંઈ વળતર નથી દેતા,
કે સો રૂપિયાના છુટ્ટા, નહીં મળે વેરાન ગામોમાં.
ભલે ને નામ 'માનસી' છે, દિલની ગુલાબી છું,
સદાયે ફૂલ વરસાવુંછું, હું મારી કલમોમાં.

**માનસી ડી. કોટડીયા - માંડવી**

## માનસી બાળ 'શબ્દ કસોટી'




ઉપરોક્ત શબ્દ ચોકઠા અને આડી-ઊભી ચાવીઓના આધારે યોગ્ય શબ્દો શોધી આપનો જવાબ તા. ૩૧-૫-૨૦૦૭ સુધીમાં 'જ્ઞાતિસેતુ' કાર્યાલયમાં મોકલાવી આપશો. આગામી અંકમાં પ્રકાશિત ઉકેલ સાથે જેમના જવાબ મળતા હશે તેમના નામ 'સેતુ'માં પ્રકાશિત થશે. ભાગ્યશાળી વિજેતાને સ્વ. માનસીની સ્મૃતિમાં રૂા. ૧૦૧/-નું ઈનામ પણ આપવામાં આવશે. તો થાવ તૈયાર....

**આડી ચાવીઓ**

૧. લવ કુશના દાદા (૪)
૫. જંગલનું શક્તિશાળી પ્રાણી (૪)
૭. ઈશ્વરના સ્મરણની એક રીત (૩)
૮. કોઈ આખી વસ્તુ / વાતનો એક ભાગ (૨)
૯. ઠપકો (૩)
૧૨. બાળકોની સૌથી વહાલી વ્યક્તિ (૧)
૧૩. ઉલટું વાંચો તો કિલ્લો નહીં તો ઢગલો (૨)

**ઊભી ચાવીઓ**

૧. બીમારી વખતે જરૂરી (૨)
૨. જેના માટે કાન સરવા કરવા પડે (૨)
૩. કોઈ આકર્ષક સ્થળે જાઓ ત્યારે અનુભવો (૫)
૪. શરમ (૨)
૬. જેનો વંશ નથી તે (૩)
૮. છેવટનું, છેલ્લું (૨)
૧૦. લોહાર જ્યાં કામ કરે તે સ્થળ. ગાય ભેંસનું ઘર. આમ તો આ ચામડીના એક રોગનું નામ પણ છે.(૨)
૧૧. નાડી, નસ (૨)

### ધોળું ધોળું સસલું

*ધોળું ધોળું સસલું*
*આમ દોડે, તેમ દોડે.*
*ડુંગર ઉપર ચડી જાય*
*ગાજર ખાય, પાણી પીએ*
*રાત પડે સૂઈ જાય – ધોળું ધોળું સસલું.*

***કૃનાની પ્રકાશભાઈ પોમલ (ધોરણ-૧)***

## પ્રભુકૃપા ક્વીઝ કોર્નર

ગત અંકમાં પૂછાયેલ પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે : **(૧) ત્રણ, (૨) જીવરાજ મહેતા, (૩) ઓસ્ટ્રેલિયા.**

સાચા જવાબો આપનાર મિત્રો છે : (૧) વિદુલા કાંતિલાલ કટ્ટા - આદિપુર, (૨) રીટા જે. બુધ્ધભટ્ટી - ભુજ, (૩) ફાલ્ગુની જયંતીલાલ સોની - નખત્રાણા, (૪) જીગર હિંમતલાલ સોની - નખત્રાણા, (૫) મયુરી પ્રવીણચંદ્ર પોમલ - ભુજ, (૬) કૃપાલી ગોવિંદભાઈ મહીચા - માધાપર, (૭) માનસી દીપકભાઈ કોટડીયા - માંડવી, (૮) હીનલ પ્રકાશભાઈ પોમલ - અંજાર, (૯) કોમલ જયસુખભાઈ ગોહીલ. સર્વેને ખૂબ ખૂબ અભિનંદન. આ પૈકી ભાગ્યશાળી વિજેતા છે : **ફાલ્ગુની જયંતીલાલ સોની - નખત્રાણા.** તેમને રૂા. ૧૦૧/-નું ઈનામ **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** તરફથી આપવામાં આવે છે. અભિનંદન.


***હવે આ અંકના પ્રશ્નો નીચે મુજબ છે :***

૧. શૂન્યની શોધ કોણે કરી હતી?
(૧) આર્યભટ્ટ, (૨) ભાસ્કરાચાર્ય, (૩) ન્યૂટન

૨. ભારતમાં અવકાશ ક્ષેત્રે કાર્ય કરતી વિખ્યાત સંસ્થા ISROનું મુખ્ય મથક ક્યાં આવેલ છે?
(૧) બેંગ્લોર, (૨) અમદાવાદ, (૩) ટ્રોમ્બે

૩. વનસ્પતિમાં જીવન છે એવું સૌપ્રથમ કયા ભારતીય વૈજ્ઞાનિકે સિધ્ધ કર્યું?
(૧) જગદીશચંદ્ર બોઝ, (૨) ચંદ્રશેખર, (૩) વિક્રમ સારાભાઈ.

*ઉપરોક્ત સવાલોના જવાબો તા. ૩૧-૫-૨૦૦૭ સુધી, તંત્રીશ્રી, જ્ઞાતિસેતુ કાર્યાલયને સરનામે લખી જણાવશો. સાચો જવાબ આપનાર ભાગ્યશાળી વિજેતાને* **પ્રભુકૃપા જ્વેલર્સ - અંજાર** *તરફથી રૂા. ૧૦૧/-નું રોકડ ઈનામ મળશે. તો થાવ તૈયાર... બેસ્ટ ઑફ લક...*




*પગારનો હિસાબ તો તમે મને દર મહિને બરાબર આપો છો! પરંતુ ઉપલી આવકનું શું?*

# બાળ વિભાગ

## જરા હસો

અમન : 'મમ્મી, આજે તો સાહેબ મારી સામે હારી ગયા.'

મમ્મી : 'કેવી રીતે?'

અમન : 'એક સવાલનો જવાબ સાહેબે મને દસ વખત સમજાવ્યો છતાં મને સમજ ન પડી.'

• • • • •

એક દિવસ પરાગના પપ્પાએ પરાગને પૂછ્યું, 'પરાગ, કયા મહિનામાં ૨૮ દિવસ હોય છે?'

પરાગે જરાય વાર લગાડ્યા વગર કહ્યું, 'પપ્પા, ૨૮મો દિવસ બારેય મહિનામાં આવે જ છે.'

• • • • •

શિક્ષક : તારૂ નામ શુ છે?

વિદ્યાર્થી : બાલજીવન.

શિક્ષક : તારા પપ્પાનું નામ શું છે?

વિદ્યાર્થી : સૂર્યપ્રકાશ.

શિક્ષક : શાબ્બાશ. હવે અંગ્રેજીમાં બોલ.

વિદ્યાર્થી : માય નેઈમ ઇઝ લાઈફ બોય એન્ડ માય ફાધર્સ નેઈમ ઈઝ સન લાઈટ.

***મનાલી એ. સોની***

• • • • •

ધરતી : કમાલ છે ને સ્વીટી? તારા પતિ પહેલા તો સાવ કાળા મેશ જેવા હતા. ને અચાનક આવા ધોળા ધોળા કેમ દેખાવા માંડ્યા?

સ્વીટી : લે! તને નથી ખબર...? પહેલા એ કોલસાની ખાણમાં નોકરી કરતા હતા. હવે એમની પોતાની દળવાની ઘંટી છે.

• • • • •

ડોક્ટરે ગંભીર થઈને એક સાહેબની પત્નીને કહ્યું, 'તમારા પતિને પૂરો આરામ જોઈએ છે. હું ઊંઘવાની ગોળીઓ આપું છું, તેનો ઉપયોગ કરજો.'

સાહેબની પત્ની (વ્યગ્ર થઈને) : હું તેમને ઊંઘની કેટલી ગોળીઓ આપું?

ડોક્ટર : આ ગોળીઓ તમારા પતિને નહીં, પણ તમારે લેવાની છે. એટલે તેમને આપોઆપ આરામ મળી જશે.

• • • • • .

શિક્ષક : શ્રેયસ, તું સંપીને કામ કરવાની આદત રાખ.

મહેશ : તો સાહેબ, હું ગણિતનો દાખલો પાર્થની નોટમાંથી જોઈને કરી લઉં...?

• • • • •

સૂરજ : મમ્મી, તમે મને દરરોજ સ્કૂલ શા માટે મોકલો છો?

મમ્મી : બેટા, ભણવા માટે.

સૂરજ : પણ મમ્મી, હું સ્કૂલમાં દરરોજ ભણવાને બદલે દરરોજ અંગૂઠા પકડું છું.

• • • • •

પિતા : હાથીને સોયના નાકમાંથી નીકળતા કઈ રીતે રોકી શકાય?

પુત્રી : સાવ સહેલું છે. એની પૂંછડી સાથે મોટો પથ્થર બાંધી દેવાનો.

***નેન્સી એચ. કંસારા - નખત્રાણા***

---

★ Make friends more and more but friendship only pure and pure.
So, you are the best friend in this World.
It is, sure and sure.

★ Use only spices "Averest"
make someone the "Dearest"
Because only for you
Life is most "Specialist".

★ Enjoy the "Test" of Life
Never the "Waste" of Time
Take the "Rest" from Life
You can be the Best of Life.

★ If you can sing a song of Love
God will give you the ring of Joy
So, you are the King of this World.
Interest is the most important
Because it is increasing the Test of Education.

***Jinal P. Soni - Nagalpur (Mandvi)***

## પ્રીતિભાવ

'જ્ઞાતિસેતુ'નો અંક મળ્યો. અમારા માટે આ પ્રથમ અંક છે. કારણકે અમે હજી ગત માસે જ સભ્ય થયા છીએ. ખરે કહું તો હવે જ ખબર પડી કે 'જ્ઞાતિસેતુ' આટલી સરસ માહિતી આપે છે. એનો એકેએક વિભાગ રસપ્રદ છે. વ્યવસાયીક માહિતી ઉપરાંત બહેનો અને બાળકો માટે ૫ ઘણું ઘણું છે. હવે બાળકોનું વેકેશન શરૂ થશે તો આવતા અંકે આપ વધુ વિગતો, બાળકોને રસ પડે તેવી આપજો. પ્રવાસ અંગે પણ જાણકારી ઉપયોગી થશે. 'જ્ઞાતિસેતુ' માટે અમદાવાદ જ્ઞાતિના વડીલોને અમારા અભિનંદન સાથે વંદન.

***શ્રીમતી નર્મદાબેન પ્રભુલાલ સોની, મુલુંડ - મુંબઈ***

# પ્રીતિભાવ

The difference between a successful person and others is not a lack of strength, not a lack of knowledge but rather in a lack of will. A man may die, nation may rise and fall, but an idea lives on, ideas have edurance without death. "Setu" is the chief defence of Gnati.

I feel very happy and proud that you had made me a part of "Gnati Setu". You had given me a wonderful opportunity for express and mention my ideas. The powers of wind are like the rays of the sun disrepted. When they are concentrated they illumine. I had bring my ideas in and entertain they royally. For you only I can show my thinking power and capability. You had done this possible for all our "Gnati".

તમે જે 'જ્ઞાતિસેતુ' માટે યોગદાન આપો છો, તેના વખાણ માટે મારી પાસે શબ્દો નથી. અમારો પ્રેમભાવ જે તમારા માટે છે તેના માટે તો જેટલું પણ કહીએ તેટલું ઓછું છે. આ કાર્યક્રમ ચાલુ રાખી હંમેશા પ્રગતિ મેળવતા રહો. અમારી શુભકામના તમારી સાથે છે.

*કુ. વિદુલા કાંતિલાલ કટ્ટા - આદિપુર*

The cover page of the last issue was excellent by its colour combination and also very appreciate with current affairs. Its looks was International Standards that attract any one not to leave without reading it wholly. Articles were informative and entertaining, and more.. more...more... congratulations. Keep it up.

'જ્ઞાતિ સેતુ'ના છેલ્લા અંકનું મુખપૃષ્ઠ, રંગ અને ડિઝાઈનની દૃષ્ટિએ અદ્‌ભુત હતું અને અંક લેખો સાથે સંપૂર્ણ યોગ્ય હતું. અંકનો દેખાવ આંતરરાષ્ટ્રીય કક્ષાના મેગેઝીન જેવો જ હતો જે ખૂબ આકર્ષક હોવાથી કોઈને પણ અંક વાંચ્યા વગર મૂકવાની ઈચ્છા જ ન થાય તે સ્વાભાવિક છે. તમામ લેખો મનોરંજક તથા માહિતીપ્રદ હતા. તંત્રીમંડળ સહિત સર્વે સહયોગીઓને અભિનંદન.

*કાંતિલાલ વી. કંસારા - રાજકોટ*

અદ્‌ભુત... સુંદર, ઉપયોગી અને માહિતીસભર. ટુંકમાં કહું તો જ્ઞાતિસેતુનો ગત અંક 'એક સાચવી રાખવા જેવો' અંક લાગ્યો. 'જ્ઞાતિસેતુ' જ્ઞાતિ સમાજના સર્વાંગી વિકાસમાં એક વિશિષ્ટ પ્રદાન આપી રહ્યું છે. જ્ઞાતિસેતુની સમસ્ત ટીમને અભિનંદન. *હરીલાલ એલ. સોની - અંજાર*

## THE REAL ENEMY IS THE ENEMY WITHIN US

Generally speaking, we count the person our enemy who is actively opposed or hostile to (someone) us. But we never try to analyse ourselves that we have enemy or I may say that enemies are within us. This is our mistake, that we never make ourselves responsible for any wrong deed or mishap is really a poor thing. We may have enemy or enemies but our real enemy is within us. Let's see the enemies living in us. In other words, our errors, vices etc. take the shape of enemy for us.

The first enemy in us is "Egoism". This is such a device which can lead us to our end. The slightest appearance of Ego can grow & will turn in palm tree which is tall but not at all useful. Whenever we speak "I" We have no "Eye" to see others beyond us. And this makes our personality like stagnant water. Which smells bad. So Ego becomes bar & barrier & enemy in getting success in any field of life. Ravan & Hitler are the examples for this to support my view.

Second place can be given to jealous, which is there in everybody may be at different levels. When we feel jealousy means we are going down not upwards. The great hero of Shakespere "Othello" is the example of jealousy who has nothing in the end.

Next comes 'Anger' which brings frustration, tension & many ups & down in ones life. And decision taken at in angry mood proves to be wrong when we think it calmly & patiently.

"Idleness" is our fourth enemy, as it is said that idleness is the root cause of ills (evils.) Specially for the students.

Then, lack of determination is also the enemy who turns or pulsates in some of us. Determination means firmness of purpose. In other words, it can be said that if we will not put faith in ourselves or in our opinion who will believe in us, we should always be sure what we are going to do anything. We should always be firm in our determination. Otherwise, it will become our weak side of personality & may harm us.

Then comes 'suspicion' as an enemy. When we suspect anybody or our ownself is not cured once, it will never be cured by anybody because there is no end or remedy for doubts as said by Gandhiji. It enters in us as the rays of small light reaches to the corner of dark room & starts irritating us.

No doubt, "Tension" is there in everybody's life but can be turned into enemy if it don't leave us. It disturbs us mentally, physically & atleast our health & we may lose our control of mind in daily work.

Negativity is also the important enemy living successfully in us. If we think a point in negative direction, than it automatically turns into a chain of negative things & we unknowingly start acting on that way & also speak like that only. Pessimision turns a living human being into a living dead person who feels nothing. Terrorism is the living example of this enemy caused negativity. It makes person feelingness like terrorists are who becomes ready to die & kill anyone.

So we should not see or find the enemies in outer World, but first of all, we should not let these above stated things or our real enemies who are within us remove these & the whole world will be our friend.

***Pomal Jasmince C. - Anjar***

## DAUGHTER

"Daughter" means a girl child. We say in Gujarati "દીકરી". What is daughter? Who is daughter? A daughter is one who understands every problem every aspect. A daughter understands more their parents than a Son. If a daughter is big and mature, she will become her mother's best friend and for father support. I am also a daughter. I also want that my parents should remain happy.

You know, when a daughter is born, a father becomes more happy? He will fulfill all his daughter's needs. He will never let her cry. She always makes father happy. She even helps her father in busines. Then as a good daughter, she will help her mother in house work.

A good daughter is one who always spread happiness everywhere. Even if she marries and go away but the smell of her will remain in that house. A girl in her life has to relate herself with two houses one her father's house and one her husband's house. A girl can do this very easily.

It is a saying a girl is a mixture of lvoe, simplicity, calm and softness.

A daughter never let her parents do feel shame on her. She will never do anything wrong that their parents feel shame. She will always try how to keep their parents shoulder up. I as a daughter, always try that my parents should feel pride on me. And I want to give one advise to all the daughters that never make your parents look down. Always make them proud of you.

***Avani H. Kansara - Nakhatrana***

## હાર્દિક અભિનંદન

શ્રી બૃહદ્ અમદાવાદ કચ્છી સમાજ, અમદાવાદનું એક અનોખું સંગઠન છે. છેલ્લા લગભગ અડધા દાયકાથી સ્થાપિત આ સમાજ. આરંભથી જ સમસ્ત ગુજરાત માટે ગણમાન્ય એવા કચ્છી મહાનુભાવોના સક્રિય સહયોગથી તે અમદાવાદમાં વસતા સમસ્ત કચ્છી પરિવારો માટે ગર્વરૂપ બન્યું છે. હજુ પણ નાતજાત કે બીજા કોઈ પણ પ્રકારના સામાજીક, આર્થિક કે લિંગભેદ વિનાનો આ સમાજ, 'બિન સાંપ્રદાયિકતા'ની અનોખી મિશાલ છે. આવા આ સમાજમાં આપણી જ્ઞાતિના યુવાવર્ગનું પણ ઉચિત પ્રતિનિધિત્વ છે. બલકે એમ કહી શકાય કે, એની હાલની કારોબારીમાં મહત્ત્વનું સ્થાન છે. આપણા જ્ઞાતિપ્રમુખ શ્રી મનુભાઈ કોટડીયા આ સમાજના ખજાનચી છે, આપણા સામયિક 'સેતુ'ના મુખ્યતંત્રી આ સમાજના લોકપ્રિય માસિક 'કચ્છશ્રુતિ'ના મુખ્યતંત્રી છે અને હવે, આપણા સમાજના માનદ્ મંત્રી શ્રી અતુલ સોની શ્રી કચ્છી સમાજના પણ સહમંત્રીપદે સર્વાનુમતે નિયુક્ત થયા છે. શ્રી અતુલ સોનીની આ વરણી, સમાજને એમની વરસોની નિઃસ્વાર્થ સેવાનું પરિણામ છે. શ્રી અતુલ સોનીએ એમની દીર્ઘદ્રષ્ટિ, આયોજનબધ્ધ કાર્યશૈલી અને કર્તવ્ય પરાયણતાના બળે, સમાજના વડીલ વર્ગ તેમજ સાથીઓની સારી ચાહના મેળવી છે. કચ્છી સમાજના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના પણ તેઓ વ્યવસ્થાપક છે. અત્રે ઉલ્લેખનીય છે કે સહમંત્રીના આ પદ પર અગાઉ આપણી જ જ્ઞાતિના યુવા ઉત્સાહી કાર્યકર શ્રી શૈલેષકુમાર હતા. એમનું કાયમ માટે ભુજ જવાનું થતાં, ખાલી પડેલું એ પદ હવેથી શ્રી અતુલ સોની સંભાળે છે. આ પ્રતિભાસંપન્ન યુવાન - અતુલને સમસ્ત સમાજ વતી 'સેતુ'ના હાર્દિક અભિનંદન.

*– મુખ્ય તંત્રી*

## "જ્ઞાતિ-સેતુ" પરિવારમાં નવા જોડાયેલા સભ્યોની યાદી

*દેશના વિવિધ વિસ્તારોમાંથી તથા વિદેશમાંથી સેતુ પરિવારમાં જોડાઈ રહેલ સર્વે જ્ઞાતિજનોને અમો સહર્ષ આવકારીએ છીએ.*

| | | |
|---|---|---|
| ૧. | સોની હિતેશ લક્ષ્મીદાસ | માધાપર |
| ૨. | સોની કેશવલાલ નાગજી | માધાપર |
| ૩. | બુધ્ધભટ્ટી મનસુખલાલ નાનજી | ભુજ |
| ૪. | સોની જટુભાઈ વેલજી | ભુજ |
| ૫. | સોની રાજેશકુમાર મનસુખલાલ | માધાપર |
| ૬. | સોની જગદીશભાઈ ગોવિંદજી કટ્ટા | માધાપર |
| ૭. | સોની કલ્પેશ નારાણભાઈ બારમેડા | માનકુવા |

## 'જ્ઞાતિ સેતુ' લવાજમ અંગે....

***આથી 'જ્ઞાતિ સેતુ'ના સર્વે માનવંતા સભ્યોને વિનંતી કે આપનું લવાજમનું વર્ષ પૂરું થઈ ગયું હોય તો તે રીન્યુ કરાવી લેવા વિનંતી છે. હવેથી નાણાંકીય વર્ષ મુજબ લવાજમ લેવાનું હોવાથી માર્ચ-૨૦૦૭ સુધીના લવાજમની રકમ 'જ્ઞાતિસેતુ' કાર્યાલય અથવા આપના નજીકના 'સેતુ'ના માનદ્ પ્રતિનિધિઓને મોકલાવી આપવા વિનંતી છે. વિશેષ માહિતી માટે સંપર્કઃ***

| | | |
|---|---|---|
| **શૈલેષ કંસારા** | **ભુજ** | **૯૮૨૪૦ ૩૩૪૪૦** |
| **કમલેશ પોમલ** | **ભુજ** | **૯૮૭૯૩ ૬૦૨૦૫** |
| **લક્ષ્મીદાસ પી. સાકરીયા** | **ભુજ** | **૯૪૨૭૪ ૫૮૭૦૭** |
| **પ્રકાશ પી. સોની** | **નખત્રાણા** | **૯૮૭૯૨ ૭૯૩૨૫** |
| **હેમેન્દ્ર કંસારા** | **અંજાર** | **૯૮૭૯૧ ૯૪૩૩૪** |
| **પ્રકાશ સોની** | **રાયપુર** | **૦૭૭૧-૨૫૫૫૬૬૯** |
| **જયમીન જે. સોની** | **અમદાવાદ** | **૯૮૨૪૫ ૪૬૬૫૦** |
| **સુરેશભાઈ સોલંકી** | **માંડવી** | **૯૮૭૯૨ ૧૬૧૪૦** |
| **હિતેશ સોની** | **માધાપર** | **૯૪૨૭૪ ૪૩૮૭૪** |

Printed & published by Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at Kankeshwari Offset, Raipur Darwaja, Bhutni Ambli, Ahmedabad-380 001. Published at Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Challa Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor :Shri Hansraj Kansara. Price : Rs. 20.00

*બાળકના જન્મ પછીનું પ્રથમ ધાવણ વિટામિન 'એ'નું શ્રેષ્ઠ સ્રોત છે. બાળકને પ્રથમ દિવસથી જ સ્તનપાન મળે તો તેની દૃષ્ટિ સ્વસ્થ રહે.*

# પ્રવાસમાં સાથે લઈ જવાની વસ્તુઓ

- સાદું મીઠું, • સંચળ
- મેથીનો સંભારો, • અથાણું
- બિસ્કીટ, • નાસ્તો
- હીંગ, • સાકર • લીંબુ
- આખી મેથી
- ચોકલેટ-પેપર

*<u>જૈન તીર્થ યાત્રા માટે</u>*

- કટાસણું
- નવકારવળી
- મુંહપત્તિ
- ચરવળો
- બટવો
- ચોખા
- આખી બદામ
- સાકરીયા
- પૂજાનો રૂમાલ
- પુજાની વાટકી
- ધાર્મિક ચોપડી
- પ્રતિક્રમણની ચોપડી
- પૂજાના કપડા
- વાસક્ષેપ

- નાની ગેમ - ટાઈમ પાસ
- રમવાના પત્તા (પાના)
- પાણી ગાળવાનું પ્લા.ગરણું
- ગરમ પાણીનું રોડ
- શેક કરવાની કોથળી
- સુટકેશ બાંધવાની ચેન
- નાનુ-મોટું પર્સ
- ગુડ નાઈટ - કચ્છુઆ અગરબત્તી
- બે ચાર પેપર (પસ્તી)
- પ્લા.થેલી નાની મોટી (ઝભલા)
- જુના કપડા - લુછવા માટે
- સરનામા તથા ફોન ડાયરી
- એક ખાલી ડાયરી - પેન
- પ્રવાસ બુક - નકશાવાળી
- વાર્તાની ચોપડી નાના બાળકો માટે
- તાળું-ચાવી, એક તાળું વધારાનું
- ચપટી (ક્લીપ), • દોરી
- માચીસ, • મીણબત્તી
- કેમેરો, • દુરબીન
- સેફ્ટીપીન
- સાબુ-ન્હાવા ધોવાનો
- પેપર શોપ, • ટેલકમ પાવડર
- ચશ્માનું પાકીટ
- સ્લીપર
- ચપ્પુ
- નાની કાતર • સોય દોરો, • ટોર્ચ
- વોટર બેગ, • ગ્લાસ
- પેપર ડીસ / નેપકીન
- નાની વાટકી-ચમચી
- નાનો અરિસો, • દાંતિયા
- બોરોપ્લસ-ક્રીમ
- હેર ઓઈલ
- ટુથ બ્રશ - પેસ્ટ
- ઉલીયું, • ટુથ પીક
- પોતાનો ટુવાલ
- ચાદર
- નેપકીન
- સ્કાર્ફ
- ગરમ કપડા
- હાથ-પગના મોજા
- વધારાની થેલી • ગોગલ્સ
- ટોપી-તડકામાં પહેરવાની
- ચોમાસુ હોય તો છત્રી
- નાના બાળક હોય તો થર્મોસની જરૂર પડે
- મુખવાસ
- લવીંગ, • એલચી, • વરિયાળી
- જરૂરી દવાઓ
- ઈનો-વિક્સ બામ
- આયોડેક્સ
- સેવલોન
- ગોજ-પાવડર
- એન્ટીસેપ્ટીક ક્રીમ
- કપાસ (રૂ)
- બેન્ડેજ-બેન્ડ એઈડ
- દાંતના દુખાવાની દવા
- છુટા રૂપિયા
- મોબાઈલ માટે ચાર્જર
- સેલ - કેમેરા માટે
- ATM CARD
- શેવીંગ કીટ
- શેમ્પુ પાઉચ
- આઈ કાર્ડ અથવા ઈલેક્શન કાર્ડ

*અને છેલ્લે, પોતાની ટિકીટ અને પૂરતા પૈસા.*

*– મુખ્ય તંત્રી*

## પ્રવાસ કરતી વખતે કાળજી રાખવા બાબત

*કદાચ વિચાર તો આવે કે આટલી બધી વસ્તુઓ લઈ જવાની? પરંતુ ના.*

*પ્રવાસ પ્રમાણે જ કેટલા દિવસ માટે કેટલા દૂર જવું છે. તે જ પ્રમાણે ઉપરોક્ત વસ્તુઓમાંથી લેવાની રહે. આમ તો પ્રવાસ દરમ્યાન સામાન ઓછામાં ઓછા પ્રમાણમાં લેવાનો. પરંતુ ક્યારેક કોઈક જગ્યાએ આપણી આવશ્યક વસ્તુ ન પણ મળે તો આપણી સાથેની વસ્તુઓ તરત જ ઉપયોગમાં લઈ શકાય. ક્યારેક ઓચિંતા બહારગામ જવાનું થતું હોય છે. તો ઉપરોક્ત લીસ્ટમાં જોઈને વસ્તુ ભેગી કરી શકાય. નાના બાળકો સાથે હોય તો દૂધનો પાઉડર સાથે રાખવો. પ્રવાસ દરમ્યાન બાળકોને બહારનું દૂધ આપવું નહીં.*

*પ્રવાસમાં બપોરના એક જ વખત જમવું. રાત્રે આઠ વાગ્યા સુધીમાં કાંઈ પણ ખાઈ લેવું. પ્રવાસમાં વધારે ખાવું નહીં. દિવસ દરમ્યાન બે ત્રણ વાર લાઈટ નાસ્તો કરવો. ફળનો ઉપયોગ વધારે કરવો. વાસી ખોરાક અથવા સ્ટેશનમાં મળતા નાસ્તા ખાવા નહીં. ચા-કોફી ઓછા લેવાં. પ્રવાસ દરમ્યાન પેટ કે માથાનો દુખાવો થઈ શકે માટે નાની મોટી બિમારીમાં કામ આવે તેવી દવા સાથે રાખવી. ડાયેરિયાની દવા સાથે રાખવી. બ્લડ ગ્રુપની નોંધ રાખવી.*